Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैन धर्म प्रकाश.

वांच्छा सज्जनसंगमे परगुणे प्रीतिर्गुरौ नम्रता ।
विद्यायां व्यसनं स्वयोषिति रतिर्लोकापवादाद् भयं ॥
भक्तिः शूलिनि शक्तिरात्मदमने संसर्गमुक्तिः खले ।
येष्वेते निवसंति निर्मलगुणास्तैरेव भूर्भूषिता ॥ १ ॥

પુસ્તક ૩૬ મું. ] કાર્તિક. સંવત ૧૯૭૭. વીર સંવત–૨૪૪૭. [ અંક ૮ મો

## આ વિશ્વ ક્ષણભંગુર છે.

હરિગીત છંદ.

( ૧ )

ઠંડી ઋતુ વ્હાલી હતી પળવારમાં ચાલી ગઇ,
ને ગ્રીષ્મનું સામ્રાજ્ય દેશ વિષે જરા સ્થાપી ગઇ;
વર્ષાઋતુથી ગ્રીષ્મનો અંન્તે વિનાશ જ થાય છે,
રે ! રે ! પથિક જન જાણ તું આ વિશ્વ ક્ષણભંગુર છે.

( ૨ )

સરિતા અને કાસાર મીઠાં વારિના મન ભાવતાં,
લીલાં સુકોમળ વૃક્ષ વેલા શુષ્ક સર્વ બની જતાં;
ગુલાબ જાસુદ મોગરો સૌ પુષ્પ કરમાઇ જાય છે,
રે ! રે ! પથિક જન જાણ તું આ વિશ્વ ક્ષણભંગુર છે.

( ૩ )

દેવેન્દ્ર શ્રી વીતરાગને બે બાજુ ચામર ઢોળતા,
દેવેન્દ્ર થૈ છડીદાર પ્રભુની નેકી જે પોકારતા;
એવા પ્રભુ ચાલ્યા ગયા—અમર કહે જન કોણ છે,
રે ! રે ! પથિક જન જાણ તું આ વિશ્વ ક્ષણભંગુર છે.

( ૪ )

સુવર્ણ રત્નજડિત સિંહાસન ઉપર બિરાજતા,
વાણી સુધામય સીંચી પ્રભુશ્રી ભવિક જનને તારતા;

For Private And Personal Use Only

આયુ વધારી ના શક્યા તો વ્યર્થ તારો ગર્વ છે.
રે ! રે ! પથિક જન જાણ તું આ વિશ્વ ક્ષણભંગુર છે.

( ૫ )

જે જે સ્થળે નૃપતિતણાં નભસ્પર્શી પ્રાસાદો હતાં,
તે તે સ્થળે આજે ઉકરડા ને સ્મશાનો ભાસતાં;
નકશી કરેલાં મંદિરો પ્રાચીનના કયા હાલ છે,
રે ! રે ! પથિક જન જાણ તું આ વિશ્વ ક્ષણભંગુર છે.

( ૬ )

" ખમ્મા " કહી છડીદાર નૃપની નેકીઓ પોકારતા,
દશ દિશ જેના સૈનિકો નૃપ વિજયધ્વજ ફરકાવતા;
તે રાયનાં ક્યાં નામ કે નિશાન હાલ સુણાય છે,
રે ! રે ! પથિક જન જાણ તું આ વિશ્વ ક્ષણભંગુર છે.

( ૭ )

જે રાયના મસ્તક વિષે મૌલિ અતિશય શોભતા,
જે નૃપતણી ગ્રીવા વિષે મણિ હેમકંઠા ઝુલતા;
તે તે અલંકારોતણી રજ શું કદી દેખાય છે ?
રે ! રે ! પથિક જન જાણ તું આ વિશ્વ ક્ષણભંગુર છે.

( ૮ )

આને ચઢાવો ફાંસીએ આને ધસડજો કેદમાં,
નિર્દોષીને દોષી ઠરાવી તાળી દઇ બહુ રાચતાં;
આજ્ઞા કરંતા ભૂપ એવા મરી ગયા અગણિત છે,
રે ! રે ! પથિક જન જાણ તું આ વિશ્વ ક્ષણભંગુર છે.

( ૯ )

ભોળા જનોને ભોળવી રે ! લક્ષ્મી લુંટી લાવતા,
તે લક્ષ્મીથી મોટી હવેલી હાટ ગાડી રાખતા;
મુષ્ટિ ઉઘાડી રાખી તેઓ કાળથી સપડાય છે,
રે ! રે ! પથિક જન જાણ તું આ વિશ્વ ક્ષણભંગુર છે.

( ૧૦ )

નિજ નેત્ર પર ચશ્માતણો અત્તરથકી વળી વાળનો,
પ્રત્યેક પળ દર્પણ વિષે ભપકો જુએ જે મુખનો;
કોમળ યુવાનો એહવા પણ કાષ્ટવત્ થઇ જાય છે,
રે ! રે ! પથિક જન જાણ તું આ વિશ્વ ક્ષણભંગુર છે.

( ૧૧ )

વિદેશી વસ્ત્રો વાપરી પટ્ટાથકી અક્કડ થતા,
ફેશનતણી સરિતા વિષે કરી સ્નાન તે ફક્કડ થતા;

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઠીક ઠાકમાં આયુ વ્યતીત કરી અરે નર જાય છે,
રે ! રે ! પથિક જન જાણ તું આ વિશ્વ ક્ષણભંગુર છે

( ૧૨ )

મખમલતણી શય્યા વિષે પર્યંકમાં જે પોઢતા,
અન્તે જનો એ અગ્નિની શય્યા વિષે આળોટતા;
પર્યંક વા શય્યા સુંવાળી ઘાંજ તે રહી જાય છે,
રે ! રે ! પથિક જન જાણ તું આ વિશ્વ ક્ષણભંગુર છે

( ૧૩ )

ચારૂ સ્ત્રીઓ જે ચર્ણથી ઘુઘરા ઘણા ધમકાવતી,
ચારૂ સ્ત્રીઓ નિજ રૂપથી સૌને સદા ચમકાવતી;
તે માનિની ચાલી ગઇ અદ્યાપિ ચાલી જાય છે,
રે ! રે ! પથિક જન જાણ તું આ વિશ્વ ક્ષણભંગુર છે.

( ૧૪ )

જે નારીના તનની પ્રભાથી મોહવશ થઇ જાય છે,
તે પ્રાણીનો તે મોહથી અન્તે વિનાશ જ થાય છે;
પતંગીઓ દીપક વિષે જો ! તરફડી મરી જાય છે,
રે ! રે ! પથિક જન જાણ તું આ વિશ્વ ક્ષણભંગુર છે.

( ૧૫ )

રાત્રિ વ્યતીત હમણાં થશે રૂડું પ્રભાત જ ખીલશે,
ઉડીશ હું આ પદ્મથી જ્યારે દીવાકર ઉગશે;
આવા વિચારે તે મધુકર સ્વાદ લેતો પદ્મનો,
કરે કોળીઓ કો હસ્તિ તેથી શો ભરૂસો કાળનો !

( ૧૬ )

કયારે ? અને કયાં ? કેવી રીતે ? કોનું મૃત્યુ આવશે ?
ભલે રાય હો વા રંક હો પણ આપણી ગતિ શી થશે ?
તું ધર્મ કર રે ! માનવી ! તુજ આયુ ઓછું થાય છે,
રે ! રે ! પથિક જન જાણ તું આ વિશ્વ ક્ષણભંગુર છે.

( ૧૭ )

મળ મૂત્રના આ તન થકી શાને અતિ લલચાય છે,
આત્મારૂપી જોગીતણો મઠ બ્હારથી શોભાય છે;
જોગી જતાં પર મઠ વિષે નિસ્તેજ તે થઇ જાય છે,
રે ! રે ! પથિક જન જાણ તું આ વિશ્વ ક્ષણભંગુર છે.

( ૧૮ )

સ્નેહી સગાં છે નભ વિષે વર્ષા ઋતુનાં વાદળાં,
ક્ષણવાર વરસી એકઠાં ચોમેર સૌ વિખરાઇ જતાં;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ કાળ છે વિદ્યુત્ જે વારિદ ખેંચી જાય છે,
રે ! રે ! પથિક જન જાણુ તું આ વિશ્વ ક્ષણભંગુર છે.

( ૧૯ )

પાણી વિષે પરપોટ થઇ પળમાં જ ફુટી જાય છે,
જયમ કો સુવાસિત પુષ્પ કોમળ ખીલીને કરમાય છે;
ત્યમ દેહ ઉત્પન્ન થઇ અને મહાભૂતમાં મળી જાય છે,
રે ! રે ! પથિક જન જાણુ તું આ વિશ્વ ક્ષણભંગુર છે.

( ૨૦ )

માબાપના અવસાન પાછળ પુત્ર પોક પુકારતો,
પત્ની મરી કદી જાય પતિ ફરી શોક જે વીસરી જતો;
નહી જાણતો સુણાય જે મૃત્યુપડઘના સૂર છે,
રે ! રે ! પથિક જન જાણુ તું આ વિશ્વ ક્ષણભંગુર છે.

( ૨૧ )

જયમ અબ્ધિમાંનું નાવડું તરનાર સૌ લઇ જાય છે,
ને કો કિનારે આવીને તરનાર સૌ વેરાય છે;
ત્યમ સ્નેહીઓ એ કાળ તટ ઉપર જઇ વિખરાય છે,
રે ! રે ! પથિક જન જાણુ તું આ વિશ્વ ક્ષણભંગુર છે.

( ૨૨ )

માટે મુસાફર મૂક મમતા, માન માયા મોકળી,
ચઢ સ્વર્ગની સીડી ગ્રહી સુવર્ણ સત્યની સાંકળી;
સુસંત સુંદર માર્ગ તુજને ધર્મનો બતલાવશે,
તે રે ! પ્રવાસી માર્ગમાં ચાલ્યા થકી સુખ આવશે.

સુંદરલાલ ડાહ્યાભાઇ શાહ.
દાદાસાહેબની પોળ—અમદાવાદ.

# ઇર્ષા--અદેખાઇને તજવા અને સ્પર્ધા ગુણને આદરવા યત્ન કરો.

કોઇ સુખી સદ્ગુણી ગૃહસ્થ કે સાધુની સુખસાહેબી કે માન પ્રતિષ્ઠા દેખી તેની ઇર્ષ્યા કે અદેખાઇ કરવી એ ભારે હલકું-નબળું કામ છે. એ બહુ નઠારો અવગુણ છે. બીજાનું સારૂં જોઇ આપણે રાજી-ખુશી થવું જોઇએ-મનમાં પ્રમોદ લાવવો જોઇએ. તેને બદલે ઉલટું મનમાં ખેદાવું, તેનું ભુંડું-અનિષ્ટ ચિન્તવવું, તેવુંજ બડબડવું અને તેવુંજ તેનું અનિષ્ટ કરવા ઘાટ ઘડવો એ શાણા ચતુર દીર્ઘદર્શી નીતિમાન કે પુરૂષાર્થવંતનું કામ નથી; પણ મુગ્ધ ટુંકી બુદ્ધિવાળા સ્વાર્થાંધ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુરૂષાર્થહીનનુંજ કામ છે. અન્ય સહુનું હિત ચિન્તવન કરવું એજ ઉત્તમ સદ્દગુણીનું લક્ષણ છે, તેને બદલે બીજાનું ભલું જોઇ જાણી મનમાં બળતરા કરવી એ તો નીચ-નાદાનનું કામ છે. વળી એથી કશો લાભ-ફાયદો થતોજ નથી અને નુકશાન-અવગુણ પારાવાર થાય છે. ઇર્ષા કે અદેખાઇ કરવાથી આપણે દુઃખી થઇએ છીએ. આપણામાં એથી વિષ-ઝેર વ્યાપી જાય છે અને આપણું સ્વાધીન સુખ પણ આપણે ગુમાવી બેસીએ છીએ. આવો અવળો ( નીચ ) વ્યાપાર કરતાં આપણનેજ અધિક અહિત થાય છે, તેથી આપણે એ દુષ્ટ કામથી અવશ્ય વિરમવું જોઇએ. વળી જેથી આપણું પણ હિતજ થાય અને સામા સુખી કે સદ્દગુણીના માર્ગમાં પણ કશી હરકત ઉભી ન થાય તેમ કરવું જોઇએ અને કદાચ કોઇ મુગ્ધ જન તરફથી તેવી કોઈ હરકત ઉભી કરવામાં આવી હોય તો તેને દૂર કરી દેવા બનતો પ્રયત્ન કરવામાંજ આપણું લક્ષ પરોવવું જોઇએ. આપણે પણ સુખી કે સદ્દગુણી થવુંજ હોય તો આપણી દશા સુધારવા સુદશાસંપન્ન સત્પુરૂષોને જોઇ રાજી થવું અને તેવા સુખી અને સદ્દગુણી બનવા પ્રયત્ન કરવો એજ ઉચિત છે.

આ રીતે સુખી અને સદ્દગુણી બનવાનો સરલ રસ્તો લેવો આપણને તો હિતકર છેજ; પણ જે કોઈ સુજ્ઞ ભાઇ બ્હેનો આપણો દાખલો લઇ એ સરલ રસ્તો આદરે તેમને પણ એ હિતકરજ છે; કેમકે તે રસ્તો આદરનાર ગમે તે ભાઈ બ્હેનો સુખી ને સદ્દગુણી થઇ શકે છે. બીજાને સુખી કે સદ્દગુણી દેખી કે જાણી આપણા દીલમાં રાજી-ખુશી થઇ તેવા થવા પ્રયત્ન કરવો એટલે જે સન્માર્ગે ચાલવાથી અને જેવી કાળજી રાખવાથી બીજા સુખી કે સદ્દગુણી થયા હોય તે માર્ગે બરાબર ખંત રાખી પ્રમાદ રહિત ચાલવા ચૂકવું નહિ તેનું નામ સ્પર્ધા કહેવાય. એ આપણે સહુએ આદરવા યોગ્ય બહુ સારો ગુણ છે. એ સદ્દગુણથી બીજા અનેક સદ્દગુણો સાંપડે છે. આપણામાંથી આળસાદિક પ્રમાદ દૂર થાય છે. ચંચળતા-સ્ફૂર્તિ-જાગૃતિ વિશેષે આવતી જાય છે. કામ વખતસર અને સારૂં કરવા અધિક લક્ષ રહે છે; એથી કામ સારૂં, નિયમિત અને સંતોષ ઉપજે એટલા પ્રમાણમાં બને છે. વળી આપણાં મન, વચન અને કાયા સારા ઉદ્યોગમાં નિયમિત, સારી રીતે જોડાયા રહેવાથી નબળા વિચાર, વાણી કે આચારને અવકાશજ મળતો નથી. વળી આપણો રૂડો દાખલો જોઇ તેનું અનુકરણ કરી કંઇક બાળ જીવો સુધરી જાય છે, સારા માર્ગે લાગી જાય છે, સુખી અને સદ્દગુણી બની જાય છે, એ કંઇ જેવો તેવો લાભ નથી; તેથી ખરેખર સુખના અર્થીજનોએ સ્વપરને હિતરૂપ થાય એવા સ્પર્ધા ગુણનો આદર કરવો ઉચિત છે; અને જે સ્વપરને હાનિકારક થઈ, દુઃખ અને દુર્ગતિકારક બની, પોતાની પાયમાલીજ કરે છે તેવો ઇર્ષ્યા-અદેખાઇરૂપ મોટો અવગુણ અવશ્ય તજવા યોગ્ય છે. ઇતિશમ્. ( સ. ક. વિ. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી નેમિ ચરિત્રે પાંડવાદિકનો નિર્વાણ સંબંધ.

શ્રીકૃષ્ણના અવસાન પછી ખિન્ન ચિત્તવાળા તેના બંધુશ્રી **બલિભદ્ર** પોતાના પૂર્વ સારથી સિદ્ધાર્થ-દેવની સમજાવટથી શ્રી નેમિશિષ્ય પાસે દીક્ષા ગ્રહણ કરી તીવ્ર તપનું આસેવન કરી તુંગિક ગિરિના શિખર ઉપર ઘણો કાળ સ્થિત થઇ સંયમનું આરાધન કરી અંતે કાળ કરી બ્રહ્મ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા.

ભગવાન નેમીશ્વર પ્રભુ સ્વનિર્વાણ સમય નજીક જાણી શ્રી ગિરિનાર ગિરિ ઉપર પધાર્યા. ત્યાં દેવકૃત સમવસરણમાં બિરાજી અંતિમ ધર્મદેશના દીધી.

પછી પ્રભુ ૫૩૬ મુનિઓ સાથે દોઢ માસનું પાદોપગમન અનશન કરી **અષાઢ શુદિ અષ્ટમીના દિવસે** શૈલેશી-ધ્યાનમાં આરૂઢ થઇ સંધ્યા સમયે નિર્વાણ પામ્યા.

શાંબ પ્રદ્યુમ્નાદિક કૃષ્ણના પુત્રો, કૃષ્ણની આઠ પટ્ટરાણીઓ, ભગવંતના ભાઇ પ્રમુખ બીજા ઘણાએક સાધુઓ તથા રાજિમતી પ્રમુખ સાધ્વીઓ પણ પરમ-પદને પામ્યા.

શ્રી નમિનાથના નિર્વાણથી પાંચ લાખ વર્ષો વ્યતીત થયે છતે બાવીશમા શ્રી નેમિનાથ પ્રભુનું નિર્વાણ થયું.

શ્રી નેમિનાથ પ્રભુના નિર્વાણ પછી ૮૪ હજાર વર્ષો વીત્યા બાદ ચોવીશમા શ્રીમહાવીર પ્રભુનું નિર્વાણ થયું.

જે વખતે શ્રી નેમિપ્રભુ નિર્વાણ પામ્યા ત્યારે પ્રબળ વૈરાગ્ય યોગે દીક્ષા ગ્રહણ કરી પૃથ્વીતળને પાવન કરતાં પાંચે પાંડવો અનુક્રમે હસ્તી કલ્પપુર ( પ્રાયઃ હાથસણી )માં પધાર્યા હતા. આ સ્થાનથી ગિરિનાર ગિરિ બાર જોજન થાય છે; જેથી પ્રભાત કાળે શ્રી નેમિપ્રભુને વંદન કર્યા પછી આપણે માસિક તપનું પારણું કરશું એમ પરસ્પર પ્રીતિથી વદતા હતા એવામાં લોકોના મુખથી શ્રીનેમિપ્રભુનું નિર્વાણ સાંભળી તે પાંચે પાંડવો અત્યંત શોકાતુર થયા છતાં મહા વૈરાગ્ય દશાને પામી શ્રી વિમળાચળે પધાર્યા અને ત્યાં એક માસનું અનશન કરી કેવળજ્ઞાન પામીને મોક્ષે ગયા, અને દ્રૌપદી દીક્ષા લઇ બ્રહ્મદેવલોકે ગઇ. ( સ. ક. વિ. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# सूक्त मुक्तावली.

## ( મોક્ષવર્ગ. )

( અનુસંધાન પૃષ્ટ ૨૨૨ થી. )

## ५ द्वादश भावना विषे.

### પ્રથમ અનિત્ય ભાવના.

( માલિની )

ધણુકણુ તનુજીવી, વીજ ઝાત્કાર જેવી,
સુજન તરૂણુ મૈત્રી, સ્વપ્ન જેવી ગણેવી;
અહુ મમ મમતાએ, મૂઢતા કાંઇ માચે,
અથિર અરથ જાણી, એશુશું કોણુ રાચે. ૧૦
ધરણિ તરૂ ગિરીંદ્રા, દેખીએ ભાવ જેઇ,
સુરધનુષ પરે તે, ભંગુરા ભાવ તેઇ;
ઇમ હૃદય વિમાસી, કારમી દેહ છાયા,
તજીય ભરતરાયા, ચિત્ત યોગે લગાયા. ૧૧

લક્ષ્મી અને જીવિત વીજળીના ઝબકારા જેવાં ક્ષણુભંગુર–જોત જોતામાં અદૃશ્ય થઇ જનાર છે, વળી સ્વજન કુટુંબી સાથેનો મેળો તથા જુવાનીનો સંગ સ્વપ્ન જેવો ક્ષણિક છે, તો પછી ખોટી માયા–મમતા કરી તેમાં શા માટે મુંઝાઇ રહો છો ? વસ્તુની અસારતા અને ક્ષણિકતા વિચારી શાણા જનોએ તે તે વસ્તુમાં રાચવું જોઇએ નહિ. પૃથ્વી, તરૂ–વૃક્ષો અને પર્વતાદિક પદાર્થો ઇન્દ્રધનુષ્યની જેવા સુંદર જણાતા છતાં તે બધા વિનાશશીલ છે. તેમની શોભા કારમી ( કાયમ ટકી નહિ રહેનારી ) છે. વળી જળને ઠેકાણે સ્થળ અને સ્થળને ઠેકાણે જળ થઇ જાય છે. સુંદર ઘટાદાર વૃક્ષો પણ એક વખતે શોભા વગરનાં બની રહે છે, અને ડુંગર પણ છેટેથી રળીયામણા દીસે છે. એવીજ રીતે આ શરીરાદિકની ઉપરની શોભા પણ કારમી ( જોતજોતામાં જતી રહેનારી ) છે, એમ સમજી ભરતચક્રવર્તીએ વૈરાગ્યને જાગ્રત કરી મોક્ષમાર્ગનો સ્વીકાર કર્યો, તેમ સુજ્ઞ જનોએ પણ કાયાની માયા તજી, હિતકાર્યમાં મનને જોડવું જોઇએ. જેની સાથે આપણો ઘણો નિકટ સંબંધ છે, જેને માટે જીવ કઇ કઇ પાપારંભ કરી દિન રાત ચિન્તા કર્યા કરે છે અને જોતજોતામાં કાળ જેનો કોળીયો કરી જાય છે તે કાયાજ ગમે તેટલી મમતા રાખ્યા છતાં આપણી થતી નથી તો પછી એથી જુદા ( દૂર–અળગા ) રહેતા સ્વજન લક્ષ્મી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રમુખ પદાર્થો તો પોતાના શી રીતે થઈ શકવાના હતા ? તો; છતાં ભ્રાન્તિવશ મૂઢ જીવ તે તે પદાર્થોમાં મમતા રાખી મરે છે. અનિત્ય, અશુચિ અને જડ એવા આ દેહાદિક ઉપરની મમતા તજી વૈરાગ્ય જગાવી, ધન્ય–કૃતપુન્ય જનોજ તે દ્વારા નિત્ય ( શાશ્વત ), પવિત્ર અને સ્વાભાવિક ધર્મ પ્રાપ્ત કરી લે છે.

## ૨ બીજી અશરણ ભાવના.

પરમ પુરૂષ જેવા, સંહર્યા જે કૃતાંતે,
અવર શરણ કેનું, લીજીએ તેહ અંતે;
પ્રિય સુહૃદ કુટુંબા, પાસ બેઠા જિકોઈ,
મરણ સમય રાખે, જીવને તે ન કોઈ. ૧૨
સુરગણ નર કોડી, જે કરે ભક્ત સેવા,
મરણ ભય ન છુટ્યા, તે સુરેંદ્રાદિ દેવા;
જગત જન હરંતો, એમ જાણી અનાથી,
વ્રત ગ્રહિય વિછુટ્યો, જેહ સંસારમાંથી. ૧૩

વ્હાલા મિત્રો અને સ્વજનો પાસે બેઠા હોય તેમ છતાં કાળ જીવને ઝડપી જાય છે; તે વખતે તેને કોઇ રોકી શકતું નથી. પરમ પુરૂષોને પણ કાળ સંહરી જાય છે. તો પછી બીજા સાધારણ જીવોનું તો કહેવુંજ શું ? કાળ તો અવિશ્રાન્તપણે પોતાનું કામ કરતોજ રહે છે. આબાળગોપાળ કોઈને કાળ છોડતો નથી–છોડવાનો પણ નથી. જેની સેવામાં કરોડો દેવો અને માનવો હાજર રહ્યા કરે છે એવા ઇન્દ્રો અને ચક્રવર્તી જેવા પણ કાળના ઝપાટામાંથી બચી શકયા નથી. ( મોતના ભયથી મુકત થઇ શકતા નથી. ) જેમ નાહર બકરીને પકડી જાય છે, તેમ કાળ પણ જીવને ઉપાડી જાય છે. તે કોઈને છોડતો નથી એ રીતે આખી દુનિયાને કાળવશ જાણી, મનમાં વૈરાગ્ય જગાડી, અહિંસાદિક ઉત્તમ વ્રત આદરી, આ દુઃખદાયક સંસારની ઉપાધિમાંથી **અનાથી** મુનિ છુટી ગયા. શ્રેણિક રાજા અને **અનાથી મુનિનો** સંવાદ પ્રસિદ્ધ છે. જન્મ જરા અને મરણનાં દુઃખથી લોકો ત્રાસે છે–બીહે છે ખરા, પણ તેટલાં માત્રથી તથાપ્રકારનો પુરૂષાર્થ ફોરવ્યા વગર તેવાં અનંત દુઃખમાંથી કોઈ છુટી શકતા નથી. જો એ દુઃખથી છુટવુંજ હોય તો જેઓ પરમ પુરૂષાર્થ ફોરવી એ બધાં દુઃખમાંથી છુટી ગયા છે એવા અરિહંત, સિદ્ધ અને સાધુ જનોનું તેમજ તેઓના કહેલા પવિત્ર ધર્મનું શુદ્ધ મનથી શરણ કરો. તેમનામાંજ અનન્ય (એકતાર) શ્રદ્ધા રાખો, તેમના પવિત્ર ગુણોનું સદાય ચિન્તવન કરો અને તેવા પવિત્ર ગુણો પ્રાપ્ત કરવા તમે લાયક બનો–તેવું શુભ આચરણ સેવતાં રહો. સારૂં કામ કરી લેવા વિલંબ–વાયદો ન કરો. કાલ કરવું હોય તે આજ કરો. એક ઘડીનો પણ વિશ્વાસ રાખી ન રહો. રખે મનની બાજી મનમાંજ રહી જાય, માટે ચેતો–સમજો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૩ ત્રીજી સંસાર ભાવના.

(શાર્દૂલ વિક્રીડિત.)

તિર્યંચાદિ નિગોદ નારકીતણી જે નીચી યોનિ રહ્યાં,
જીવે દુઃખ અનેક દુર્ગતિતણાં, કર્મપ્રભાવે લહ્યાં;
આ સંયોગ વિયોગ રોગ બહુધા આ જન્મ જન્મે દુઃખી,
તે સંસાર અસાર જાણી.ઇહવો જે એ તજે તે સુખી. ૧૪

(ઈંદ્રવજ્રા.)

જે હીન તે ઉત્તમ જાતિ જાયે, જે ઉચ્ચ તે મધ્યમ જાતિ થાયે;
જ્યું મોક્ષ મેતાર્ય મુનીંદ્ર જાયે, ત્યું મંગુસૂરિ પુરયક્ષ થાયે. ૧૫

કર્મવશ જીવ તિર્યંચાદિ નીચી ગતિનાં તેમજ નરક અને નિગોદ સંબંધી કમકમાટી ઉપજાવે એવાં અઘોર દુઃખ વારંવાર સહન કરતો સંસારની ચારે ગતિ સંબંધી ૮૪ લક્ષ જીવાયોનિમાં વારંવાર ભમતો ( પરિભ્રમણ કરતો ) રહે છે. એટલે તેમાં વખતો વખત સંયોગ, વિયોગ, આધિ, વ્યાધિ, ઉપાધિ તથા જન્મ, જરા અને મરણ સંબંધી અનંત દુઃખદાવાનળમાં તે બાપડો જીવ સદાય પચાયા કરે છે. એવા દુઃખદાયી સંસારની અસારતા કોઈક વિરલ જીવોનેજ ભાગ્યયોગે તથા પ્રકારના જ્ઞાનીગુરૂની કૃપાથી સમજાય છે; અને જેમને સંસાર–મોહ ઓછો થયો હોય તે મહાનુભાવોજ વૈરાગ્યથી તેનો ત્યાગ કરે છે–કરી શકે છે. બાકીના અજ્ઞાન અને [illegible]વશ પડેલા જીવો તો બાપડા ચારે ગતિમાં અરહાં પરહાં અથડાયાંજ કરે છે, તેમનો કેમે પાર આવી શકતો નથી. જીવ જેવી સારી કે નબળી કરણી કરે છે તેવી તે ઉત્તમ, મધ્યમ કે અધમ ગતિમાં જન્મ લેતો ફરે છે. સર્વજ્ઞ વીતરાગનાં વચનાનુસારે ઉત્તમ પ્રકારની ક્ષમા–સમતાનું જ્યારે સેવન કરવામાં આવે છે ત્યારે હીન જાતિમાં જન્મેલ જીવ પણ મેતાર્ય અને હરિકેશી મુનિની પેરે પરમ પદને પામી શકે છે; પરંતુ ઉંચી ગતિમાં (દેવ માનવ ભવમાં) જન્મ્યા છતાં જે વિષયાદિકમાં લુબ્ધ બની, ક્રોધાદિક કષાયને વશ થઇ, મન વચન કાયાને મોકળી મૂકી દઈ, સ્વછંદી બની જઈ, મોહાંધપણે હિંસાદિક પાપનું સેવન કરતા રહે છે તે મંગુઆચાર્યની પેરે દુર્યોનિમાં ઉપજે છે. જો કે પાછળથી તે પોતાની ભૂલ સમજાતાં પસ્તાય છે ખરો, પરંતુ મૂર્ખપણે કરેલી ભૂલની શિક્ષા ભોગવ્યા વગર તેનો છુટકો થતો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૪ ચોથી એકત્વ ભાવના.

પુણ્યે અકેલો જીવ સ્વર્ગ જાયે, પાપે અકેલો જીવ નર્ક થાયે;
એ જીવ જા આવ કરે અકેલો, એ જાણીને તે મમતા મહેલો. ૧૬

એ એકલો જીવ કુટુંબ યોગે, સુખી દુઃખી તે તસ વિપ્રયોગે;
સ્ત્રી હાથ દેખી વલયો અકેલો, નમિ પ્રબુધ્યો તિણથી વહેલો. ૧૭

જીવ જેવી સારી નરસી ( ભલી ભુંડી ) કરણી કરે છે તેનું તેવું સારૂં નરસું ફળ પણ પોતાને ભોગવવું પડે છે. જો તે શુભ ધર્મકરણી કરે છે તો તે પુન્ય-ફળને ભોગવવા સ્વર્ગનાં સુખ પામે છે અને જો તે દુષ્કૃત્ય કરે છે તો તે પાપ-ફળને ભોગવવા નરકાદિકનાં દુઃખ પામે છે. જેવી શુભાશુભ કરણી કરે છે તેવું સુખ દુઃખ તેનેજ ભોગવવાનો પ્રસંગ આવે છે. એ વાત સહેજે સમજાય એવી છે. અહીં પણ જે સારાં સારાં પરોપકારનાં કામ કરે છે તેની તથા જેના વિચાર, વાણી અને આચાર પવિત્ર હોય છે તેની લોકમાં પુષ્કળ પ્રશંસા થાય છે અને જેનાં આચરણ અવળાં હોય છે તેની પુષ્કળ નિંદા થાય છે. આને જો પ્રગટ રોકડું ફળ માનવામાં આવતું હોય તો તે ભવિષ્યમાં થનાર મુખ્ય મોટા ફળની અપેક્ષાએ કેવળ ગૌણ વા અલ્પ સમજવાનું છે. જેવા ફળની તમારે ચાહના હોય તેવું શુભ કે અશુભ આચરણ કરતાં તમારે એકલાએજ સંભાળ રાખવાની છે, કેમકે તેનું તેવું ફળ તમારે જ ભોગવવું પડે એમ છે, ખોટી મમતા રાખવાથી કશું વળે એમ નથી. કોઇની સીફારસ એમાં કામ આવે એમ નથી. ધન કુટુંબાદિકના સંયોગે કે વિયોગે મમતાથીજ જીવ પોતાને સુખી કે દુઃખી માની ( કલ્પી ) લે છે; પરંતુ જો આત્મજ્ઞાન કે તત્વજ્ઞાનના યોગે ખરા વૈરાગ્યથી તે ખોટી મમતા-મારાપણું મૂકી દે છે તો પછી તેને તેવા સંયોગ વિયોગમાં તેવા સુખ દુઃખની કલ્પના થતી નથી. નમિ રાજાને સખ્ત માંદગી થઇ ત્યારે કંઇ ખખડાટ તેનાથી સહન થઈ શકતો નહોતો, તે જાણી રાણીઓએ વધારાના કંકણાદિક કાઢી નાંખ્યા અને ફક્ત એકેક વલયજ રાખ્યું, જેથી અવાજ થતો બંધ પડ્યો. તેનું કારણ વિચારતાં એકાકીપણામાં જ હિત સમજી તરત સર્વ પ્રસંગ તજી દઈને તે સુખી થયા.

## ૫ પાંચમી અન્યત્વ ભાવના.

જો આપણો દેહજ એ ન હોઈ, તો અન્ય કો આપણ મિત્ર કોઇ;
જે સર્વ તે અન્ય ઇહાં ભણીજે, કેહો તિહાં હર્ષ વિષાદ કીજે. ૧૮

દેહાદિ જે જીવથકી અનેરાં, શ્યાં દુઃખ કીજે તસ નાશ કેરાં;
તે જાણીને વાધણીને પ્રબોધિ, સુકોશળે સ્વાંગ ન સાર કીધી. ૧૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિત્યમિત્ર સમાન આ દેહની સેવા ચાકરી હમેશાં કંઈક પાપારંભ સાથે કરીએ છીએ તોપણ અંતે તે છેહ દઇ જાય છે તો પછી એથી અળગા રહેનારા પર્વ-મિત્ર સમાન સ્વજન કુટુંબી વિગેરે આપણને અવસાન વખતે કયાંથી સહાય આપી આપણું રક્ષણ કરી શકે? નજ કરી શકે. એ ઉપરથી એવો નિશ્ચય કરવાનો છે કે આપણા આત્માથી જૂદા જે કોઇ દેહ, લક્ષ્મી, સ્વજન મિત્રાદિકનો સંયોગ વિયોગ બને તે બધા આત્માથી ન્યારા હોવાથી તે તે પ્રસંગે તે સંબંધી હર્ષ ખેદ કરવો ઉચિત નથી. તેમ છતાં બની શકે તો તે તે પ્રસંગમાંથી કંઇ પણ બોધદાયક ગુણ મેળવી, વૈરાગ્ય જગાવી, આપણા આત્માનું અધિક હિત થાય તેમ કરી લેવું તે ઉચિત છે. જેવો સંયોગ-સંબંધ શરીર અને વસ્ત્રને છે તેવોજ સંયોગ-સંબંધ આત્મા અને શરીરને જાણવો. જેમ વસ્ત્ર જીર્ણ થતાં કે ફાટી જતાં કે તેનો નાશ થતાં શરીર જેવું ને તેવું બની રહે છે તેમ શરીર જીર્ણ થતાં, રોગાવિષ્ટ થતાં કે નાશ પામવા છતાં આત્મા તો જેવો ને તેવો ગમે તેવી ગતિ-સ્થિતિમાં કાયમ રહે છે. આ રીતે જ્યારે દેહથી આત્મા જૂદોજ સિદ્ધ થાય છે ત્યારે તેનો વિયોગ થતાં ખેદ કે શોક કરવો સુજ્ઞજનોને ઉચિત નથીજ. મોહ માયાથી કે મમતાથી તેવો ખેદ કે શોક કરનાર જીવ ફોગટ ચીકણાં કર્મ બાંધી દુ:ખી થાય છે. આત્માનું અધિક હિત થાય તેમ કરવા દેહાદિક ક્ષણિક વસ્તુ ઉપરથી મમતા તજી (ઓછી કરી) યથાશક્તિ તપ જપ સંયમનું સેવન કરવું જ ઉચિત છે, એમ સમજી સુકોશળ મુનિએ શરીરમમતા તજી, વિકરાળ વાઘણીને અંતે જાતિસ્મરણ પૂર્વક બોધ થાય તેવું હિત-પ્રવર્તન કર્યું.

## ૬ છઠ્ઠી અશુચિ ભાવના.

કાયા મહા એહ અશુચિતાઇ, જિહાં નવ દ્વાર વહે સદાઇ;
કસ્તુરી કર્પૂર સુદ્રવ્ય સોઇ, તે કાયસંયોગ મલીન હોઇ. ૨૦
અશુચિ દેહિ નરનાર કેરી, મ રાચજે એ મળમૂત્ર શેરી;
એ કારમી દેહ અસાર દેખી, ચતુર્થ ચક્રી પણ તે ઉવેખી. ૨૧

આ કાયા મહા મલીન અશુચિથી ભરેલી જ છે. તેમાં પુરૂષને નવ દ્વારે અને સ્ત્રીને દ્વાદશ દ્વારે સદા અશુચિ વહેતી રહે છે. કસ્તુરી, કર્પૂર, ચંદનાદિક સુગંધી વસ્તુઓ પણ એના સંયોગે દુર્ગંધી બની જાય છે. ગમે તેવું સ્વાદિષ્ટ સુંદર ભોજન કર્યું હોય પણ તે બધાનું પરિણમન વિષ્ટાદિકમાં થય છે. ગમે તેવું સુંદર કિંમતી વસ્ત્ર પહેર્યાં ઓઢયાં હોય તે બધાં કાયાના સંગથી મલીન અને નમૂલા-નમાલાં થઇ જાય છે. મળ મૂત્રાદિક અશુચિથીજ ભરેલી આ સ્ત્રી પુરૂષોની કાયા અશુચિથી જ પેદા થયેલી છે. તેને જળાદિક શૌચથી શુદ્ધ કરવાનો પ્રયાસ કેવળ ભ્રમરૂપ છે. આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અશુચિમય કાયાની અસારતા યથાર્થ સમજી જે સમતાના કુંડમાં યથેચ્છ સ્નાન કરી પાપમેલને બરાબર પખાળી–સાફ કરી નાંખી ફરી મલીનતાને પામતા નથી (પાપાચરણમાં પ્રવૃત્ત થતા નથી) તે અંતરઆત્માજ પરમ પવિત્ર સમજવા. ખરા જ્ઞાની વિવેકી સાધુ–મહાત્માઓ તો ઉપરોક્ત ભાવસ્નાન કરીને જ સદાય પોતાના આત્માને પવિત્ર કરે છે. અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અસંગતાદિક સદાચરણવડે જ ભાવસ્નાન કર્યું લેખાય છે. તે સિવાય તો મચ્છની પેરે દિનરાત જળમાં નિમજ્જન કરવા માત્રથી કશું વળતું નથી. શરીરમમતા અને હિંસાદિક પાપાચરણવડે તો આત્મા અધિકાધિક મલીનતા જ પામીને અધોગતિ (અવનતિ) ને પ્રાપ્ત થાય છે એમ યથાર્થ સમજી **સનત્કુમાર ચક્રવર્તીએ** જેમ કાયાની માયા તજી, વૈરાગ્ય પામીને આત્મહિત સાધ્યું તેમ ભવ્યાત્માઓએ કરવું ઘટે છે. (સ. કે. વિ.)

# भद्रबाहु मुनिना चार शिष्यनी कथा.

(પ્રયોજક—દફતરી નંદલાલ વનેચંદ મોરબીવાળા)

મગધ દેશને વિષે રાજગ્રહ નામે નગર હતું, તે નગરને વિષે ચતુર વિદ્વાન્ અને ડાહ્યા એવા ચાર મિત્રો વસતા હતા. તેઓમાં અરસપરસ પ્રેમ હતો. એકદા સમયને વિષે પૃથ્વીને પાવન કરનાર ભવ્ય જીવોને તારનાર એવા ભદ્રબાહુસ્વામી એક ગામથી બીજે ગામ વિહાર કરતાં તેજ રાજગ્રહી નગરીએ પધાર્યા. તેમની ધર્મદેશના સાંભળવા ચારે મિત્રો તેમજ બીજા ભાવિક શ્રાવકો પણ ગયા. તે ચાર મિત્રો ધર્મદેશના સાંભળી વૈરાગ્ય પામ્યા અને દીક્ષા ધારણ કરી વિચરવા લાગ્યા. તેઓ ચારે ગુરૂ મહારાજની પાસે જ્ઞાનાભ્યાસ કરતા હતા. એમ કરતાં એકદા સમયને વિષે ચારે સાધુએ ગુરૂ મહારાજની આજ્ઞા લઈ જુદા જુદા વિચરવા માંડયું; પરંતુ ચારે મુનિઓએ એવો નિયમ કર્યો કે દીવસના ત્રીજા પહોરે ગૌચરી અર્થે જવું અને બાકીના સાત પહોર કાયોત્સર્ગ વિગેરે ધર્મધ્યાનમાં ગુજારવા. આવા ઉગ્ર નિયમને ધારણ કરી ભૂમંડળમાં વિચરવા માંડયું. ફરતાં ફરતાં એકદા સમયને વિષે તેઓ રાજગ્રહ નગરમાં પધાર્યા. આ વખતે હેમંત ઋતુ એટલે ઠંડીનો વખત ચાલતો હતો. હવે તે ચારે મુનિઓ વૈભારગિરિ પર્વતની ગુફામાં રહી ધર્મક્રિયા કરે છે. એક દિવસ ત્રીજા પહોરે રાજગ્રહી નગરીમાં ગૌચરીને માટે પધાર્યા. આહાર વહોરી લાવી ગૌચરી પ્રમુખથી નિવૃત્ત થઇ પાછા પોતાની જગ્યાએ આવતાં ચાર માંહેલા એક મુનિને વૈભારગિરિ પર્વત ઉપર પહોંચતાં ચોથો પહોર થઇ ગયો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એટલે તેઓએ હંમેશના નિયમ પ્રમાણે કાયોત્સર્ગ ધારણ કરી દીધો. બીજા સાધુને પાછા ફરતાં ઉદ્યાનમાં જ ચોથો પહોર થઇ ગયો, જેથી તેમણે ત્યાંજ કાયોત્સર્ગ ધારણ કર્યો. ત્રીજા સાધુને પાછા ફરતાં ઉદ્યાનની નજીક આવતાં ચોથો પહોર થઈ ગયો. જેથી તેમણે ત્યાંજ કાયોત્સર્ગ કર્યો અને ચોથા સાધુને ફરતાં ફરતાં નગરમાં જ ચોથો પહોર થઈ ગયો જેથી તેમણે ત્યાંજ કાયોત્સર્ગ કર્યો. હવે વૈભારગિરિ પર્વત પર જે સાધુ ધ્યાન ધરી રહેલા છે તેમને ઠંડીની વધારે અસર થવાથી તેઓ રાત્રીના પહેલા પહોરે મરણને શરણ થયા. બીજા સાધુ જે ઉદ્યાનમાં રહેલાં છે તેમને પ્રથમના કરતાં થોડી ઠંડી લાગવાથી તેમણે રાત્રીના બીજા પહોરે કાળ કર્યો. ત્રીજા સાધુ જે ઉદ્યાનની નજીક રહેલા તેમને તેથી ઓછી ઠંડી લાગવાથી તેમણે રાત્રીના ત્રીજા પહોરે કાળ કર્યો અને ચોથા સાધુ જે ગામમાં જ રહેલા છે તેમને તેથી ઓછી ઠંડી લાગવાથી રાત્રીને ચોથે પહોરે કાળ કર્યો. એમ ચારે સાધુઓએ શીત-ટાઢનો પરિષહ સહન કર્યો અને શરીર ઉપર કિંચિત્ પણ મમતા નહીં રાખતાં સમાધિ સહિત આયુષ્ય પૂર્ણ કરીને આરાધક થયા, અર્થાત્ સ્વર્ગે ગયા.

# ધનમિત્ર સાધુની કથા.

( પ્રયોજક-દફતરી નંદલાલ વનેચંદ મોરબીવાળા. )

ઉજ્જયિની નગરીમાં ધનમિત્ર નામે શેઠ હતો. તેમણે ને તેના દીકરાએ વૈરાગ્ય પામી સાથે દીક્ષા લીધી. શુદ્ધ ચારિત્ર પાળતાં અન્ય સાધુ સાથે ગામ નગરે વિહાર કરે છે. વિહાર કરતાં કરતાં અટવીમાં જઇ ચડ્યા. જ્યાં તડકો વિશેષ અને પાણીની જોગવાઇ નહી મળવાથી બાળક સાધુ તૃષાથી આકુળ વ્યાકુળ થવા લાગ્યા. રસ્તામાં નદી આવી, તેમાં પાણી જોઇ તે ચેલાના સાધુ થયેલ પિતાએ પોતાના પુત્ર ઉપર મોહભાવને લઇ વિચાર કર્યો કે ' જો હું આગળ જઉં અને પાછળથી ચેલો આ નદીમાંથી પાણી પીએ તો તે જીવતો રહે, પછી હું તેને આલોયણા આપી શુદ્ધ કરીશ.' એમ ધારી ગુરૂએ કહ્યું કે-' તું ધીરે ધીરે પાછળ આવ, હું આગળ જાઉં છું.' શિષ્ય પાછળ રહ્યો. તૃષાથી અકળાયેલ શિષ્યનું મન નદી પાસે આવવાથી ભંગ થયું. નદી કાંઠે બેસી એક ખોબો પાણી હાથમાં લઇ ચારે તરફ જોવા લાગ્યો કે ' મને કોઇ દેખતું તો નહિ હોય ? ' તરતજ પોતાના જ્ઞાનાત્માથી વિચાર્યું કે-'હું આ શું કાર્ય કરૂં છું ? મને કોઈ દેખતું નથી, પણ તીર્થંકર અને સિદ્ધ તો દેખે છે, તેનાથી કાંઇ પણ છાનું નથી. આ સચિત્ત પાણીના એક બિંદુમાં અસંખ્યાતા જીવ શ્રી જિનેશ્વર ભગવંતે કહ્યાં છે; તો તે અસંખ્યાતા જીવને મારીને હું મારા અસંજમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવતરની વાંચ્છા શા માટે કરૂં ? સંયમ જીવતરમાં મરવું એજ શ્રેય છે.' એમ વિચારી આસ્તેથી પાણી નદીમાં પડતું નાખી હાથ સુકાયા બાદ તેણે નદીના કીનારા પર સંથારો કર્યો. ત્યાંજ કાળ કરી તે દેવલોકમાં ગયા. તેવારે અવધિજ્ઞાનથી જોયું તો માલુમ પડ્યું કે "તૃષા પરિસહ સહન કરવાથીજ દેવની ઋદ્ધિ પામ્યો છું, પરંતુ બીજા સાધુ તૃષાર્થી પીડાયા છતાં અટવીનો પાર પામ્યા નથી, માટે તેમનું રક્ષણ કરવા જાઉં." એમ વિચારી તરત ત્યાં આવી નજીકમાં ભરવાડ લોકોના ગાયો-ભેંસોના નેસડા રચાવ્યા, એટલે ત્યાંથી સાધુ છાશ લાવી તૃષા નિવારી રસ્તે પડ્યા. પણ તેમાંના એક સાધુનો કાંબળો દેવે પોતાની શક્તિવડે ખેંચી લઇ તેજ ગામની ભાગોળે પડનો મૂક્યો. હવે દેવ ત્યાંથી રવાના થઇ નદી કાંઠે પડેલા પોતાના મૃત કલેવરમાં પેસી બેઠા થયા અને આગળ ચાલતા સાધુના સમુદાયમાં ભળી જઈ પોતાના પિતા સિવાય દરેક સાધુને વંદણા કરી; પણ પોતાના પિતાને વાંદ્યા નહિ. પિતાએ ખુલાસો માંગતા સાધુએ કહ્યું કે 'આપના મનમાં મને કાચું પાણી પાવાની અભિલાષા થઇ હતી માટે તેનું પ્રાયશ્ચિત્ત લ્યો, પછી હું આપને વાંદું.' પિતાએ પ્રાયશ્ચિત્ત લીધું કે તુરતજ દેવે કલેવરમાંથી નીકળી પ્રત્યક્ષ પ્રગટ થઇ ગુરૂ પ્રત્યે કહ્યું કે-'હે મહારાજ! હું તૃષા પરિસહ સહન કરી દેવની ઉચ્ચ પદવી પામ્યો છું. રસ્તામાં નેસડા આવ્યા હતા તે મારૂં કર્ત્તવ્ય હતું, ત્યાં નિશાની તરીકે તમારો કાંબળો પડ્યો છે તે લઇ આવો." સાધુએ ત્યાં જઇ જોયું તો નેસડો હતો નહીં, તેથી જાણ્યું કે નક્કી દેવનું કર્ત્તવ્ય છે. સારાંશ એ છે કે, જેમ શિષ્ય તૃષા પરિસહ સહન કરી ધર્મનો આરાધક થયો તેમ બીજા મુનિઓએ પણ વખત આવ્યે વર્તવું.

---

# सत्य सुखनुं संशोधन.

સત્ય સુખ ક્યાં છે ? પ્રત્યેક વ્યક્તિ સતત્ અને અસ્ખલિત શ્રમથી, આખા જગત ઉપર જેનું સંશોધન કરે છે તે શું છે ? જેના માટે મનુષ્યો રંગુન, મુંબઇ, કલકત્તા, કરાંચી, આફ્રિકા, વિલાયત, જાપાન, અમેરિકા, ફીજી ઇત્યાદિ દૂર દૂરના સ્થળે મુસાફરી કરે છે, તો પણ જેની પ્રાપ્તિ થતી નથી, એવું તે શું છે ? તે સત્ય સુખમાં એવી તે કઇ મહાન્ સત્તા છે કે દરેક મનુષ્યને તે શોધ કરવાની ફરજ પાડે છે ? અને જેને લીધે, આમ તેમ દોડાદોડ કરતા પૃથ્વીના છેક છેડા સુધી મનુષ્ય ફરે છે, તોપણ નિષ્ફળતા સિવાય બીજું કશું પ્રાપ્ત થતું નથી. આના પ્રશ્નો ઘણી વખત ઘણે સ્થળે પૂછવામાં, તેમજ રસ ભરી રીતે ચર્ચવામાં આવે છે, તો પણ તેનું યોગ્ય સમાધાન ક્વચિત્ જ મળી શકે છે.

આત્માનું સ્વાભાવિક વલણ સંપ, સુસંગતતા-સંવાદ (Harmony) તરફ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય છે. અર્થાત વિશ્વના કાનૂનોનો યથાસ્થિત અનુભવ કરી, તેની સાથે તન્મય થવાનું છે. સુસંગતિ-એકતા-સંવાદ-વિશ્વબન્ધુત્વ ભાવના, એજ સત્ય સુખ છે. અસંગતિ-કલહ-વૈમનસ્ય-કુસંપ-નાસ્તિકતા-એજ દુઃખ છે. કુદરત અહોરાત્ર સુસંગતિને માટેજ યત્ન-કાર્ય કરે છે અને આ રીતે મનુષ્ય જે શોધવા યત્ન કરે છે, તે શોધી શકતો નથી, કારણ કે જે સ્થળમાં તે નથી, તે સ્થળમાં તેને તે શોધે છે. તે આંતરિક સાધનોને બદલે બાહ્ય સાધનોદ્વારા શોધે છે અને જ્યારે પોતાના પ્રયત્નોમાં નિષ્ફળ જાય છે, ત્યારે તે નિરાશામાં બોલી ઉઠે છે કે, " સત્યસુખ જેવું આ જગતમાં કાંઇ છે નહિ. " જ્યારે મનુષ્ય આ પ્રમાણે સત્ય સુખને મેળવવાનો યત્ન કરે છે, ત્યારે તો તે સુખ તેનાથી સદા અલગ-દૂર જ રહે છે.

"કુદરતના કાનુનો સાથે સહકારી થઇ અદ્વૈત ભાવે તન્મય થવું, આપણા ચરમ તીર્થંકર શ્રી મહાવીરના વચનો ઉપર શ્રદ્ધા રાખી સ્વતન્ત્રતાથી વિમુખ ન થવું અને કોઈ પણ દૃષ્ટિએ અન્યને સુખી જોઇ સંતોષાવું. " એજ માત્ર સ્થાયી સુખ અને સંતોષ પ્રાપ્ત કરવાનું ઉત્તમ સાધન છે. મનુષ્ય પાસે એકજ શાહી માર્ગ છે કે અંતર્યામી અને અનન્ત પ્રભુની સાથે એકતાનો પૂર્ણ અનુભવ કરવો. જે પ્રમાણમાં મનુષ્ય ઐક્ય પ્રાપ્ત કરે છે, તેજ પ્રમાણમાં તે તેની ગુહ્ય શક્તિઓ અને બળ મેળવે છે અને તેજ પ્રમાણમાં અશાન્તિને બદલે શાન્તિ, અસંગતિના બદલે સંગતિ અને ખરી તન્દુરસ્તી તેમજ સામર્થ્યનો લોક્તા થાય છે.

મનુષ્ય માત્રને જીવનના અખતરાઓમાં દુઃખ અને કડવા અનુભવો પ્રાપ્ત થાય છે; અને તે શાન્તિને દખલરૂપ બને છે; કારણ કે મનુષ્ય પોતેજ એમ કરવા દે છે.

દુઃખ અને શોક ઉત્પન્ન કરાવનારા સંયોગો ઉપર તમે જાતે સત્તા મેળવો અને તેમને તમારા ઉપર કિંચિત્ માત્ર પણ વિજય મેળવવા ન આપો. જ્યાંસુધી તમો તેઓથી ભીતિવશ થઈ દૂર નાસશો, ત્યાંસુધી તેઓ તમને ચોંટતા આવશે.

સરખા સંયોગોમાં ઉછરેલા બે માણસોમાં એક સુખી અને સંતોષી હોય છે, બીજો દુઃખી અને અસંતોષી હોય છે. તેનું કારણ શું ? પ્રત્યુત્તર એજ આવી શકે કે પોતાના અંતર્-આત્મામાંજ સુખનું ખરૂં સાધન છે, એવું એકને માલુમ પડ્યું છે; અને તે પ્રમાણે તે વર્તન ચલાવે છે. સઘળી ચિંતાઓ અને શોકોત્પાદક સંયોગો તેને ત્યજી જાય છે; કારણ કે તે આન્તર શાંતિ અને સામર્થ્યથી પૂર્ણ છે; તેથી કોઇ પણ બનાવ તેના ચિત્તને વ્યગ્ર કરી શકતો નથી કે ડગમગાવી શકતો નથી; જ્યારે બીજામાં તો વિકારવૃત્તિઓ ઉભરાઇ જાય છે, તેથી જે અવસ્થામાંથી તે મુક્ત થવા ઇચ્છે છે, તેજ સ્થિતિમાં પુનઃ તે ફસાઈ જાય છે. એકજવાર લોકો જો આ બાબત સમજે અને શ્રદ્ધા રાખે, તો આ જગતમાં કષ્ટ-અસંતોષ ઘણા પ્રમાણમાં ઘટી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જાય. જીવનની સઘળી સ્થિતિમાં સુખી રહેવાની પરમ શક્તિ પ્રાપ્ત કરવાને માટે રાયે કે રંકે–પ્રત્યેક વ્યક્તિએ સુખનું સાધન પોતાની જાતમાંજ જોવું જોઇએ. જે મનુષ્યને આ પ્રમાણે જ્ઞાન થાય છે, તે સંયોગો ઉપર–પરિસ્થિતિ ઉપર અમલ પ્રાપ્ત કરે છે અને પરિસ્થિતિ તેના પર કાંઇપણ અસર કરી શકતી નથી. તે સમજે છે કે, સંયોગો–પરિસ્થિતિ ક્ષણિક અને નાશવંત ( momentary ) છે. વળી તેને ભાન થાય છે કે તેનામાં દૈવી શકિત રહેલી છે. ચિંતાથી ચિંતાવશ થયા વિના અને શોકથી ઉદ્વેગ પામ્યા વિના તે શાંતિથી અને સામર્થ્યથી પોતાનું જીવન યથાર્થ રીતે પરિપૂર્ણ કરે છે.

તમામ મનુષ્યો દુઃખનો વિચાર કરતાં કરતાં સુખની આશા રાખે છે, કારણ કે, " લાખો નિરાશાના અંતરમાં અમર આશા છુપાઇ રહેલી હોય છે. " પણ વિચાર, શોકથી છવાયેલા હોય, ત્યારે સત્ય સુખની આશા રાખવી તે વ્યર્થ છે. આપણી આસપાસ વિંટળાયેલા સુક્ષ્મ વાતાવરણમાં તેમજ બીજા સર્વેમાં આ એક નિયમ છે કે, સજાતીય સજાતીયને આકર્ષણ કરે છે. Like attracts like. બીજા શબ્દોમાં કહીએ તો સમાન ભાવવાળી વસ્તુઓ એક બીજા પ્રતિ આકર્ષાય છે અને મનુષ્યો પણ તેવાજ કુદરતી નિયમ પ્રમાણે શોકપૂર્ણ વિચારથી બીજા શોકગ્રસ્ત વિચારોને પોતા તરફ આકર્ષે છે. પરિણામે મનુષ્યની આસપાસ શોક અને નિરાશાની મ્હોટી અને જબરજસ્ત દીવાલ ખડી થાય છે. જો સ્થિતિ આમજ છે, તો પછી શોકજનક અને દુઃખમય વિચારોને તમારા હૃદયમાં સ્થાન આપતા નહિ ! ઉઠો ! ખડા થાઓ, જાગૃત થાઓ, અને ઉદ્દેશ સિદ્ધ કરવા ઉધુક્ત થાઓ ! Awake ! Arise ! and stop not till the goal is reached ( Swami Vivekanand ) ધૈર્ય રાખો, દુઃખના વાદળને દૂર કરો ! ઇશ્વરી પ્રેમ મેળવવાને તમારા અંતઃકરણનાં બારણા ઉઘાડો ! સત્ય સુખનું સંશોધન નિર્મળ મને કરો–મળશે. અદ્વૈત ભાવો જન્મ પામશે.

સત્ય સુખનું શોધન થતાં અને તે સુખવતી તમારા અંતઃકરણને પોષ્યા પછી, એક પ્રકારનો અજાયબ અને નૈસર્ગિક પ્રેમ જન્મ પામશે અને ત્યારે સત્ય સુખની પ્રાપ્તિમાં પ્રેમમય બની જવું પડશે. એક વિદ્વાને કથન કર્યું છે કેઃ—

This man pursues his weary calling;
And wrings the hard like from the sky;
While happiness knseem is falling;
Down from God's Bosom silently "

ગુલાબચંદ મુળચંદ બાવીસી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સાંપ્રત શિક્ષણ પદ્ધતિના લાભાલાભ.

શિક્ષણનો પ્રભાવ જેમ જેમ વધતો ગયો તેમ તેમ દેશમાંથી અજ્ઞાન, વહેમ, રૂઢીઓ હઠવા માંડી. કન્યા વિક્રય, બાળલગ્ન, જ્ઞાતિવરા વિગેરે અનિષ્ટ રીવાજો ધીરે ધીરે દૂર થવા લાગ્યા. લોકોને નવા પ્રકાશનો અનુભવ થવાથી પોતાની સ્થિતિનું ભાન થયું. તે સુધારવા પ્રયાસ આદરાયા. નવું જ્ઞાન, નવું સાહિત્ય, નવા ગ્રંથો, નવી શોધખોળ, નવી હિંમત અને નવો જુસ્સો વધવા લાગ્યા. વિવિધ નવી શોધો થઈ ને નવા હુન્નરો દાખલ કરવા પ્રયત્ન થવા લાગ્યા. વેપાર માટે નવાં સાહસો કરાયા અને પરદેશ ગમન થવા લાગ્યાં. પશ્ચિમની ઉચ્ચ કોલેજોમાં હિંદના પુત્રો અભ્યાસ કરી જ્ઞાનમાં તે દેશની પ્રજાથી પણ આગળ વધી ઉચ્ચ નંબરે પાસ થવા લાગ્યા. ગ્રેજ્યુએટો, કવિઓ, લેખકો અને વક્તાઓનો રાફડો ફાટયો. લોકો સ્વાત્માભિમાન, સ્વાતંત્ર્ય અને પોતાના જન્મસિદ્ધ હક્ક શેમાં છે તે સમજવા લાગ્યા. ને તે મેળવવા ન્યાયની રીતે દઢ પગલાં ભરવા લાગ્યા. જે વિનાશકારી તત્વોથી ભારતની પડતી થઈ છે તે અંદર અંદરનો દ્વેષ અને કુસંપ વિસારી દેવાવા લાગ્યાં અને રાષ્ટ્રીય ભાવથી એકતાનું ભાન થવા લાગ્યું. આ બધા ફેરફારો નવી શિક્ષણ પ્રણાલીકાથી પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે થયા છે, એ ખુશ થવા જેવું છે; એટલુંજ નહીં પણ તે ભૂલી જવા જેવું પણ નથી.

**સાંપ્રત શિક્ષણ પ્રણાલીકાના ગેરલાભ**—લાભના પ્રમાણમાં ગેરલાભ ઘણા છે. પ્રથમ અને સૌથી મહત્વનો ગેરલાભ તો એ છે કે આ નવીન અને કહેવાતી ઉચ્ચ કેળવણીથી કોઈ સ્વતંત્ર ધંધો કરવાની લાયકાત નહીં આવતાં કેળવાયેલો નોકરીઆત વર્ગ માત્ર વધી પડે છે; તેથી વસ્તુતઃ દેશની આર્થિક સ્થિતિ સુધરતી નથી. એકાદ વિષયનું સાંગોપાંગ જ્ઞાન વિલાયત જઇ દ્રવ્યના મોટા ભોગે પ્રાપ્ત કરી શકાય છે. આમ સર્વ વર્ગના લોકોથી બનવું કેવળ અશકય છે. આપણાજ દેશમાં એવી વ્યવસ્થા થવી જોઇએ. કેળવણી ઘણી મોંઘી અને ખર્ચાળ થઇ ગઈ છે. શિક્ષણનો અસહ્ય બોજો ઉછરતી પ્રજાના શરીરને તાવી નાખે છે ને અકાળ મરણ ઉપજાવે છે. નવા કહેવાતા શિક્ષિત વર્ગનો મોટો ભાગ પોતાને સુધરેલા માની તોછડાઈવાળો, વડીલો પ્રતિ તિરસ્કારની નજરથી જોનારો, બાહ્યાડંબરને વધારે પસંદ કરનારો, કેવળ વિતંડાવાદની વાતો કરનારો અને પશ્ચિમની નવીનતા પર મોહી પડી તેને પરમ આદરથી પૂજનારો થાય છે; એટલુંજ નહિ પણ દેશને કમનશીબે દેશની હુન્નર કારીગરીને, દેશનાં ધર્મનાં રહસ્યોને, અને દેશના કેટલાક આચાર વિચારના તારતમ્યને સમજ્યા સિવાય તેને પણ એક તરફી મતથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધિક્કારનારો ઉત્પન્ન થાય છે, એ અધિકતર કષ્ટજનક છે. આ પરથી એમ ફલિત થાય છે કે ચાલુ કેળવણીથી છોકરાનાં માત્ર મગજ જ કેળવાય છે; પણ આત્મા નહીં. કેળવણી માત્ર શોભાસ્પદ જ છે; પણ સુખપ્રદ નહીં. બીજું બધું જ શીખવાય છે માત્ર મનુષ્યની ફરજો જ નહીં. બુદ્ધિ કેળવાય છે પણ સદ્દગુણ નહીં. હોંશીઆરી વધારાય છે પણ પ્રમાણિકતા નહીં. ટુંકામાં કહીએ તો હાલની કેળવણીથી અંગ્રેજી ભાષાનું ભાષાજ્ઞાન માત્ર અપાય છે અને તેને બદલે માતૃભાષાનું અજ્ઞાન વધે છે. સંસારને લગતી વધારે ઉપયોગી બાબતો બાજુ પર રાખી વ્યવહારિક જ્ઞાનને વિસારી દેવાય છે. જ્ઞાનનો ઉપયોગ કરવાની કળા ખેડાતી નથી. સ્વરક્ષણનું તથા ઉપજીવિકાને માટે જરૂરનું જ્ઞાન અપાતું નથી. ભણી ભણીને પરાવલંબી થવું પડે છે. શિક્ષણ અનેક રંગી લાંબુ પહોળું બહુ બને છે, પણ ઉંડાણમાં કાંઇ જ નહીં. ઉપરચોટીઉં કૃત્રિમપણું વધી જાય છે. જેમ બહુ તેલથી દીવો ઝાંખો બળે છે, બહુ ખાવાથી પેટમાં બાદી થઇ જાય છે ને બહુ વરસાદથી પાક બગડી જાય છે, તેમ આજકાલની અતિ કેળવણીથી પ્રજાનાં મન નિર્બળ થઇ જાય છે, એમ કહેવું શું સંદેહ ભરેલું છે? આરોગ્ય, ચારિત્ર્ય અને નીતિના શિક્ષણને તો તિલાંજલી અપાઇ છે. તેમજ ખેતી, વેપાર અને વિદ્યાહુન્નરની કેળવણીને વિસારી દેવામાં આવી છે. દેશની ઉન્નતિ અવનતિનાં કારણોને અટકાવવાનાં સાધનો રૂપી દેશનો ખરો ઇતિહાસ શીખવાતો નથી. વિજ્ઞાનની માત્ર વાતો થાય છે. દેશમાં પ્લેગ, કોલેરા વિગેરે મહામારીથી દરસાલ અસંખ્ય મનુષ્યોનું નિકંદન નીકળી જાય છે. તેના ઘરગથુ ઉપાયોનું જ્ઞાન આપવાનું કેળવણીની કક્ષાથી બહાર માનવામાં આવે છે. સ્ત્રીશિક્ષણ માટે યોગ્ય વિચાર કરવાનો હજુ કોઇને વખત જ મળ્યો નથી, તેથી અત્યારસુધી કુદરતી રીતે સંસારમાં ભિન્નભિન્ન કાર્યો કરવા સરજાયેલી બે ભિન્ન પ્રકૃતિઓને કુદરતથી વિરૂદ્ધ એક જ માર્ગે કેળવણી અપાય છે. એ કેટલું અંધેર કહી શકાય? દરેકે દરેક ચીજને માટે પરદેશ પર આધાર રાખવો પડે છે, એ કેટલી પરતંત્રતા? નથી શારીરિક સ્થિતિ સુધરી કે નથી આર્થિક સ્થિતિ સુધરી; ઉલટો દેશ દિનપ્રતિદિન નિર્ધન, નિઃસત્વ અને ઓશીઆળો થતો જાય છે. એકંદરે ચાલુ કેળવણીથી દેશનું દળદર દૂર થયું નથી પણ વધ્યું છે. સેંકડે દશ પુરૂષ અને માત્ર એકજ સ્ત્રી લખી વાંચી શકે એ તે શું કેળવણી કહી શકાય? ( આ પ્રમાણેની સ્થિતિ છે. )

સાહિત્ય પુ. ૮ અંક ૧૦ મો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## विद्यार्थीने शिखामण.

વાત ગપાટા દૂર કરીને, ભણુએ રૂડી પેર;
સારી વિદ્યા સંપાદનથી, લહીએ લીલા લહેર. ૧
વિદ્યાનું બહુ માન જગતમાં, એ તો મનમાં ધાર;
રમત આળસ દૂર કરીને, ભણો ધરીને પ્યાર. ૨
વિનય વિના વિદ્યા નવી પામે, તે તો નિશ્ચય ધાર;
વિનય વિવેક કરીને લહીએ, વિદ્યાનો વિસ્તાર. ૩
થુંકથકી પાના ઉખેડે, કરે અપમાન અપાર;
વિદ્યા વધારવાને ઇચ્છે, તે મૂરખ શિરદાર. ૪
થુંકથકી અક્ષર જે માંજે, પેનસીલ જે સાર;
મોઢામાં ઘાલીને લખતાં, સમજે નહીં ગમાર. ૫
તાળ ટકોરા પુસ્તકે દેવે, આશાતના અપાર;
તેથી જ્ઞાનાવરણી બાંધે, જ્ઞાન લહે નહીં સાર. ૬
જ્ઞાન જ્ઞાનીની ભક્તિ કરતાં, પામે જ્ઞાન અપાર;
કઠિન કર્મને દૂર કરીને, લેવે ભવનો પાર. ૭
તે માટે મન વચન કાયથી, ભક્તિ કરો ભરપૂર;
**દેવચંદ્રની** શિક્ષા ધારો, પંચમ ગતિ નહીં દૂર. ૮

## जीवदया निमित्ते स्त्रीवर्गने हितशिक्षा,

૧ પ્રભાતમાં ઉઠીને પ્રથમ પુંજણીવડે ચુલો, પાણીઆરૂં, ઘંટી, ખારણીઓ, પાણીના ઠામોની ઉતરેડ વિગેરે પુંજવું, પછી બીજું કામ કરવું.

૨ સાવરણી સુકોમળ રાખવી અને તેનાવડે પણ ઝાપટ દેતાં બહુજ વિચાર રાખવો–પ્રથમ નજરે જોયા પછી ઝાપટ દેવી.

૩ પાણી ગળવામાં પૂરી ચતુરાઈ વાપરવી, ઉતાવળ કરવી નહીં, સંખારો ઢુંપાવા દેવો નહીં, સંખારાવાળું વસ્ત્ર બરાબર સાફ કરી તે પાણી જળાશયમાં નખાવવું. સંખારો સુકવવો નહીં.

૪ વાસણ, લાકડાં, છાણાં તમામ નજરે જોઇ પુંજીને વાપરવા.

૫ ઘી, તેલ, દુધ, છાશ વિગેરે પ્રવાહી પદાર્થ બધાં ગળીને વાપરવા. દરેક ચીજની ગળણી જુદી જુદી રાખવી, આટો ચાળીનેજ વાપરવો. પ્રથમ ચાળેલો હોય છતાં વાપરતી વખત અવશ્ય ચાળવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૬ ધાન્ય જીવાકુળ આવ્યું હોય તો તરતજ દુરસ્ત કરવું, તેમાંથી નીકળેલા જીવોની યતના કરવી, ધાન્ય સડેલ આવ્યું હોય તો તે પાછુંજ મોકલવું, વાપરવું નહીં.

૭ ખાટલા, ગોદડાં, ગાડલાંમાં માંકડ વિગેરે જોઇ દૂર કરીને પછી તડકે નાખવાં; એમને એમ નાખવાં નહીં.

૮ ખાટલા તડકામાં ધોકો લઇને ખંખેરવા નહીં, શીળે-છાયાએ ખંખેરવા.

૯ સંમુર્છિમ મનુષ્ય પંચેંદ્રિય જીવો ૧૪ સ્થાનકે ઉપજે છે. તે સ્થાનકો સારી રીતે સમજીને ધારી રાખવા; જેથી તે જીવોની ઉત્પત્તિ ને વિરાધના અટકાવી શકાય.

૧૦ પેશાબની ખાળો વિગેરેની સ્થિતિ સમુર્છિમ જીવો ન ઉપજે તેવી રાખવી. એઠવાડ રાખી મૂકવો નહીં. જનાવરને પાઇ દેવો, જ્યાં ત્યાં થુંક, બળખો, નાકનું લીંટ વિગેરે ન નાખતાં રક્ષા કે ધૂળમાં નાખવું અથવા તેનાવડે તરતજ ઢાંકી દેવું કે જેથી તેમાં પડીને કે ચોંટીને બીજા જીવોનો વિનાશ ન થાય. ઉલટી થઇ હોય તો તે તરત રક્ષાવડે ઢાંકી દેવી.

૧૧ ઘરમાં સર્વત્ર જેમ બને તેમ સ્વચ્છતા વધારે રાખવી. જ્યાં સ્વચ્છતા હોય છે, ત્યાં સંમુર્છિમ જીવોની ઉત્પત્તિ થતી નથી.

૧૨ વાસી અન્ન ખાવાની કે રાખી મૂકવાની અને બાળકોને ખવરાવવાની ટેવ પાડવી પડાવવી નહીં.

૧૩ બોળ અથાણું ખાવું નહિ અને કરવું પણ નહીં.

૧૪ ટાઢા-ઉના કર્યા શિવાયના દુધ, દહીં કે છાશની સાથે દ્વીદળ-કઠોળ પદાર્થ ખાવો નહીં અને ઘરમાં તેવું સાધન જ જોડવું નહીં.

૧૫ કંદમૂળનું શાક પોતે ખાવું નહીં તેમ રાંધવું પણ નહીં.

ભણી ગણીને પ્રવીણ થયેલ સ્ત્રીઓએ તેમજ શ્રીમંત વર્ગની સ્ત્રીઓએ આ બાબતો ખાસ ધ્યાનમાં રાખવી. ઘરમાં કામકાજ કરનારા નોકરો હોય તો પણ જીવદયાને લગતા ઉપરના કામ ઉપર તો પોતેજ ખાસ ધ્યાન આપવું. જે સ્ત્રી ડાહી ગણાતી હોય છતાં ઉપર જણાવેલા કામો તરફ ઉપેક્ષા રાખે છે તે અન્ય જીવોનો વિનાશ કરે છે; એટલુંજ નહીં પણ પોતાના કુટુંબ વર્ગનું પણ અહિત કરે છે. તેથી સ્ત્રીજાતિનું ખરૂં ડહાપણ જીવયતના જાળવવામાં અને ઘર સ્વચ્છ રાખવામાં છે એમ સમજવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# अमदावाद जैन श्वेतांबर मूर्त्तिपूजक वोर्डींगमां थयेलो इनाम आपवानो मेलावडो,

તા. ૩ જી એકટોબર ૧૯૨૦ ને રોજ સવારના આઠ વાગે જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક બોર્ડીંગના પાસ થયેલા બોર્ડરોને ઇનામ આપવાનો મેળાવડો રા. રા. મોહનલાલ લલ્લુભાઇના પ્રમુખપણા નીચે ભરવામાં આવ્યો હતો. આ મેળાવડામાં શેઠ જગાભાઇ દલપતભાઇ અને બીજા કેટલાક સંભાવિત ગૃહસ્થોએ ભાગ લીધો હતો. તેમ શેઠ ચીમનલાલ નગીનદાસ બોર્ડીંગના બોર્ડરોએ અને દિગંબર બોર્ડીંગના બોર્ડરોએ પણ ભાગ લીધો હતો. શરૂઆતમાં મંગળાચરણ થયા બાદ પધારેલા ગૃહસ્થોનો ઉપકાર પ્રદર્શિત કરવામાં આવ્યો હતો. પ્રમુખ સાહેબે પ્રમુખ સ્થાન સ્વીકાર્યા બાદ બોર્ડીંગના ઓનરરી સેક્રેટરી વકીલ છોટાલાલ કાળીદાસે બોર્ડીંગ સ્થાપન થઇ ત્યારથી આજ સુધીના રીપોર્ટનો સાર વાંચી બતાવ્યો હતો. તે પછી બોર્ડરોને ઇનામ આપવામાં આવ્યા હતા. મી. મૂળચંદ આશારામ વૈરાટીએ કસરત અને ઉંચા પ્રકારનું જ્ઞાન મળે તેવી પુસ્તકશાળાની જરૂરીયાત વિષે વિવેચન કર્યું હતું. મી. વીરચંદ ગોકળદાસે કીર્તિને સારૂ નહિ પણ પરોપકારને સારૂ દાન કરવાની જરૂરીયાત જણાવી હતી. પ્રોફેસર સાંકળચંદ મકૂતલાલે અમુક વ્યક્તિએ સંસ્થા સ્થાપન કરી માટે તેજ વ્યકિતની આ બોર્ડીંગ છે એમ માનવાનું નથી પણ સમગ્ર જૈન કોમની બોર્ડીંગ છે એમ સમજી સહાય કરવાની આવશ્યકતા છે તે ઉપર વિવેચન કર્યું હતું. ત્યારબાદ "જય જય ગરવી ગુજરાત" નું ગીત બોર્ડરોએ ગાયા બાદ પ્રમુખ સાહેબનો ઉપકાર માની મેળાવડો વિસર્જન થયો હતો.

આ પ્રસંગે નીચે પ્રમાણે રકમો બક્ષીસ તરીકે જાહેર કરવામાં આવી હતી.

૫૦૦–૦–૦ શા. માણેકલાલ જેઠાભાઇએ બીછાના તથા ફરનીચર સારૂ.

૧૦૧–૦–૦ શા. ચુનીલાલ ભગુભાઇએ ધાર્મિક શિક્ષણ ખાતામાં.

૨૫૦–૦–૦ શા. સોમાભાઇ બહેચરભાઇએ લાયબ્રેરી ખાતે દર વરસે રૂા. ૫૦) લેખે પાંચ વરસ સુધી.

૧૧–૦–૦ શા. દલસુખભાઇ જસરાજે ઇનામ ખાતે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આધુનિક જૈનોનું કળાવિહીન ધાર્મિક જીવન.

( ૬ )

પર્યુષણ પર્વ વ્યતીત થયાને હજુ બહુ વખત થયો નથી. હજુ સાંવત્સરિક પ્રતિક્રમણના 'ઝંકારા' નાં આંદોલનો શ્રવણેંદ્રિયમાં અથડાતા બંધ થયા નથી. સ્વામીવાત્સલ્ય, સુપન, ઘોડીયાપારણાં આદિનાં સ્મરણો હજુ તાજાંજ છે, તેથી અન્ય વિષયમાં પ્રવેશ કરતાં પહેલાં ધાર્મિક પર્વો વિષે કાંઇક ઉલ્લેખ કરવામાં આવે તો અસ્થાને યા અકાળે નહિ ગણાય. ધાર્મિક પર્વો ધાર્મિક લાગણીને સતેજ રાખવાનું પ્રબળ સાધન છે. ચિત્રવિચિત્ર પ્રવૃત્તિઓથી ઘેરાયેલ આદમી સહેજે ધર્મને વિસરી જાય; તેનામાં ધાર્મિકતા જાગતી રાખવાનું કામ આવાં પર્વો કરે છે. પર્વોની યોજનામાં બહુ દીર્ઘ દષ્ટિ રહેલી છે. ધાર્મિક પર્વો બે પ્રકારનાં હોય. એકમાં તપ, જપ, પૂજા આદિથી ધર્મની આરાધના કરવાનુંજ લક્ષ્ય હોય. અન્યમાં ધર્મ નિમિત્તે આનંદ કરવો અને એકજ ધર્મના અનુયાયીઓમાં પરસ્પર વાત્સલ્ય અને અનુરાગ વધે તેવી પ્રવૃત્તિઓ આચરવી તેવુંજ લક્ષ્ય પ્રધાનપણે હોય. ક્રિશ્ચિયનોમાં ઇસ્ટર પ્રથમ પ્રકારનું પર્વ ગણાય; ક્રિસમસ નાતાલ અન્ય પ્રકારનું પર્વ ગણાય. મુસલમાનમાં રમજાન મહીનાના દિવસો પ્રથમ પ્રકારનું પર્વ ગણાય; ઇદના દિવસો અન્ય વિભાગમાં આવે. જૈનેતર હિંદુઓમાં ગોકુળઅષ્ટમી, દેવપોઢી અગિયારસ વિગેરે પ્રથમ વિભાગનાં પર્વો લેખાય અને વિજયાદશમી, હોળી, દીવાળી, બળેવ વિગેરે ઘણું ખરૂં અન્ય વિભાગમાં આવે. આવી ગોઠવણ આપણી જૈન સંસ્થામાં છે કે નહિ? જૈન પર્વોમાં સાધારણ રીતે જ્ઞાનપંચમી, કાર્ત્તિક શુદિ ૧૫, મૌન અગિયારશ, ચૈત્ર શુદિ ૧૫, અશાડ શુદિ ૧૪, પર્યુષણ વિગેરેનો સમાવેશ થાય. દિવાળી મહાવીર નિર્વાણનો દિવસ હોઇને તેને પણ જૈન પર્વ તરીકે લેખવામાં આવે છે. છેલ્લાં દશેક વર્ષોથી મહાવીર જન્મદિવસને પર્વની કોટિએ પહોંચાડવાનો શુભ પ્રયત્ન આદરવામાં આવ્યો છે. જે દષ્ટિબિન્દુથી પર્વોના વિભાગ પાડ્યા તે દષ્ટિબિન્દુએ પર્યુષણ, જ્ઞાનપંચમી, મૌન અગિયારશ, અશાડ શુદિ ૧૪ વિગેરે પર્વોને સામાન્યતઃ ધર્મની આરાધનાના નિમિત્તક લેખી શકાય. જયારે કાર્તિક શુદિ ૧૫, ચૈત્રી પુર્ણિમા, મહાવીર જન્મદિવસ વિગેરે પર્વોની પ્રવૃત્તિ ધાર્મિક આનંદસાધક ગણી શકાય. પણ આવા પર્વોની યોજનામાં કેટલાક વાંધા દેખાય છે તે તરફ ધ્યાન ખેંચવા અત્ર ઉદ્દેશ છે. જે આનંદમૂળક પર્વો છે તેની ઉજવણી હજુ એવી રીતે થતી નથી કે નિયત ઉદ્દેશ બરોબર સિદ્ધ થઇ શકતો હોય. કાર્તકી કે ચૈત્રી પૂનમનો મહિમા જરા પણ અનુભવાતો હોય તો તે માત્ર તીર્થસ્થળોમાં અનુભવાય છે, પણ અન્ય સ્થળોમાં આવી પૂર્ણિમાઓ અન્ય પૂર્ણિમાઓ કરતાં કાંઇ પણ વિશિષ્ટ સ્મરણ મૂકી જતી નથી. વળી પૂર્ણિમાની ઉજવણી દિવસે કરવામાં આવે તેનો તો કાંઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થજ સમજાતો નથી. જો ધાર્મિક ઉત્સવો દિવસેજ કરવાના હોય તો પૂર્ણિમાના દિવસને પસંદ કરવાનું કાંઇ પ્રયોજન રહેતું નથી. ઘણે ઠેકાણે શરદ્પૂર્ણિમાની રાત્રિ ઉજવવાનો રીવાજ પ્રચલિત છે. તે રાત્રે સ્વામીભાઇઓ એકઠા થાય, રંગબેરંગી અક્ષતની સ્વસ્તિક આદિ આકૃતિઓ મોટી પાટ ઉપર આળેખે અને સાથે મળી સુંદર પદ્યો, ભજનો સ્તવનો ગાય. આમાં પણ એક વૈચિત્ર્ય તો એ જોયું કે ઘણે ઠેકાણે દેવમંદિરના ચોકમાં શરદ્પુનમનો ચંદ્રમા શિતલ જ્યોતથી ધવલ વર્ષા વરસાવી રહ્યો હોય તેની ઉપેક્ષા કરીને જૈન બંધુઓ રંગમંડપમાં એકઠા થાય છે, અને હાંડી ઝુમરની રોશનીનું સન્માન કરતાં ઉપર જણાવ્યું તે પ્રકારની પ્રવૃત્તિઓમાં લીન થાય છે. આ બધું આપણામાં રૂઢ થતી જતી અરસિકતાનું પરિણામ છે. દુનિયાની ભારેમાં ભારે રોશની ચંદ્રિકાના ધવલ તેજ પાસે કિંમત વિનાની છે. આ રસપૂર્ણ મંત્ર પૂર્ણિમાને પર્વતિથિ તરીકે સ્વીકારવામાં રહેલો છે. એ બાબતનું દુર્લક્ષ્ય કરવું રસિક પ્રજાને ઘટતું નથી. આવી પર્વતિથિ ગણાતી પૂર્ણિમાઓની રાત્રે દેવમંદિરના ચોકમાં સંગીતમંડળીઓ એકઠી થવી જોઇએ, ગામ બહાર આવેલા મંદિરોમાં રાત્રે દર્શન કરવા જવાનો અને ભક્તિમય ઉત્સવો ઉજવવાનો રીવાજ ઉભો થવો જોઇએ. ખાસ કરીને બાળકો રાત્રિના ખુલ્લી જગ્યામાં ધર્મમય, નિર્દોષ આનંદ પામી શકે તેવી યોજનાઓ રચાવી જોઇએ. સામાન્યત: પણ આવા આનંદપ્રાપ્તિ અર્થે નિર્માયલા પર્વ દિવસો જોઇએ તેટલો આનંદ આપી શકે તેવી રીતે ઉજવાતા નથી. જેટલી ધર્મઆરાધનાના પર્વોની જરૂર છે, તેટલીજ આવા આનંદજનક પર્વોની જરૂર છે. તેવા પર્વોના પ્રસંગે સ્વધર્મના અનુયાયીઓ સાથે મળે, ગાનતાન કરે, મધુર વાર્તા વિનોદ કરે, સાથે ભોજન કરે, ધાર્મિક નાટક ચેટકમાં સામેલ થાય, સુંદર વરઘોડાઓ કાઢે, જાત જાતની ધાર્મિક રચનાઓ કરે, નૃત્ય, દાંડીયારાસનો આદર કરે–આવી આવી ઘણી વસ્તુઓ આનંદમૂલક પર્વોમાં અવકાશ પામી શકે. આ વિષયમાં સુજ્ઞ જૈન બંધુઓનું ધ્યાન ખેંચવાની જરૂર છે.

પર્યુષણ પર્વની ઘટના વિષે કેટલુંક ખાસ કહેવા જેવું છે. જો કે પર્યુષણની મૂળ રચના વિચારતાં તેમાં તપ, જપ, પ્રતિક્રમણ, દેવપૂજા આદિ ધાર્મિક ક્રિયાઓદ્વારા ધર્મની આરાધના કરવાનોજ મુખ્ય આશય જણાય છે, તો પણ અત્યારે પર્યુષણ જે રીતે ઉજવાય છે, તે જોતાં તે મિશ્રપર્વ થઇ ગયું લાગે છે. આમાં ખાસ વાંધા જેવું તો કાંઇ નથી. સ્વધર્મી બંધુઓ ધર્મ આરાધના કરે તેમજ આનંદ ઉત્સવ પણ સાથે મળીને કરે તેમાં કશો દોષ કાઢવા જેવું હોઇ નજ શકે. પણ જે ઉત્સવો પર્યુષણ પર્વની આરાધનામાં દાખલ થયા છે તે આદરણીય છે કે નહિ તે જરાક વિચારવા જેવું છે. સામાન્યત: સુપન અને ઘોડીયાપારણાના વિષયમાં આપણો ઘણો ધાર્મિક ઉત્સાહ ખરચાય છે. આ બન્ને ઉત્સવો મને પર્યુષણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પર્વની રચના વિચારતાં સંગત લાગતા નથી. કળાની દૃષ્ટિએ વિવેક વિહીન અનુકરણ મોટો દોષ ગણાય, કારણકે તે વિવેકની તેમજ આત્મીયતાની ખામી સૂચવે છે. **वंदे मातरम्** ઉપરથી **वन्दे वीरम्** ઉપજાવનાર પ્રજા ગોકુળ અષ્ટમીના શ્રીકૃષ્ણના જન્મોત્સવ ઉપરથી પર્યુષણ પર્વમાં ભગવાન્ મહાવીરના જન્મોત્સવનું ઉદ્યાપન કરવા પ્રવૃત્ત બને એ અસ્વાભાવિક નથી, પણ આવું અનુકરણ વિવેકવિહીન હોઇને હાસ્યાસ્પદ લાગે છે. પ્રથમ તો ગોકુળઅષ્ટમીના દિવસે શ્રીકૃષ્ણનો જન્મ થયો ગણાય છે; ભગવાન્ મહાવીરનો જન્મ કાંઇ ભાદરવા શુદ ૧ ના દિવસે થયો નથી કે આપણે તે દિવસે સુપન દર્શન કરાવી પ્રભુનો જન્મોત્સવ કરી શકીએ? વળી પારણાનો ઉત્સવ પણ બાળકૃષ્ણને પારણામાં ઝુલાવવાની પ્રવૃત્તિ જોઇને ઉભો થયો જણાય છે. પર્યુષણ પર્વમાં મહાવીર જન્મ ઉજવાતાં ભાદરવા શુદ ૧ જ ભગવાન્ મહાવીરની જન્મ તિથિ છે એવી ભ્રમણા ઘણા બંધુઓમાં રૂઢ થાય છે. હું પણ આ ભ્રમણાથી ઘણા વર્ષ સુધી ગ્રસ્ત હતો. આ પ્રવૃત્તિમાં બીજો દોષ એ છે કે જે પ્રકારનાં વહેમોનું ખંડન કરવા જૈન ધર્મનો સમયે સમયે પ્રાદુર્ભાવ થયો છે, તેજ વહેમોને આ પ્રવૃત્તિઓ મોટા પાયા ઉપર પોષતી આવી છે અને તેથી આ પ્રવૃત્તિઓ જે સ્વરૂપે જોવામાં આવે છે તે સ્વરૂપે જૈન ધર્મના રહસ્યથી વિપરીત લાગે છે. સુપન કઈ કઇ જાતના વહેમોને ઉત્તેજન આપે છે? લક્ષ્મીનું સુપન સાધારણ રીતે કોણ લે છે? જેને દ્રવ્યની અતિશય આકાંક્ષા હોય અથવા તો જેના ઉપર લક્ષ્મી દેવીની તાજી કૃપા થયેલી હોય તે. વહાણનું સુપન કોણ લે છે? જેને દરિયા સાથે વ્યાપાર હોય તે. ઘોડિયાપારણામાં સૌથી વધારે ભાગ કોણ લે છે? સંતતિ વંચિત ગ્રહસ્થો. એ સુવિદિત છે કે પોતાને સંતતિ થાય એવી આશાથી અથવા તો સંતતિની તીવ્ર આકાંક્ષાવાળી સ્વસ્ત્રીની આગ્રહમયી પ્રેરણાથી ઘોડીયા પારણાં ઝુલાવવામાં અને ઘરે લાવવામાં આપણા સંખ્યાબંધ ધનિક ગ્રહસ્થો અનર્ગળ દ્રવ્ય ખરચે છે. આવા વહેમ, માન્યતાઓનો ઉચ્છેદ અને કોઈપણ પ્રકારના ફળની આશા વિનાની જિનરાજની ભકિત—આ બન્ને આશય પ્રસ્તુત પ્રવૃત્તિઓમાં લુપ્ત થતા દેખાય છે. અલબત્ત, આ પ્રવૃત્તિઓ બહુ આનંદનો વિષય છે, બાળજીવોને આમાં અતિશય આલ્હાદ આવે છે; સુપન ઉત્તરે, જન્મ વંચાય, નાળીએર ધડોધડ ફુટવા માંડે, અને સાકર પવા સાથે મેળવી તેનું સ્નેહી સંબંધી સ્વધર્મી જનોમાં અરસ્પરસ લ્હાણું કરવામાં આવે—આવા આનંદપૂર્ણ પ્રસંગો કેમ ત્યજાય? વળી ઘોડીયાપારણાં ઘેર લાવવાનાં, રાત્રિજગા કરવાનાં, ધામધુમવાળા વરઘોડા કાઢવાનાં—આવા આનંદમય પ્રસંગો કાઢી નાખવાનું કહેતાં—ખાસ કરીને તેવા સંસ્કારમાં ઉછરેલું મન સહેજે આંચકો ખાય; પણ વિવેકથી વિચાર કરતાં જે વસ્તુ ત્યાજ્ય લાગે તે ત્યાજ્ય કહેવી તો જોઈએજ. વળી ધાર્મિક પ્રવૃત્તિઓ કાંઇ બાળ જીવોની જરૂરિઆતો ઉપર રચી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શકાય નહિ; તેની ઘટનાને ધાર્મિક ઉન્નતગામી આશયોનો આધાર જોઇએ. વૈચિત્ર્ય તો ત્યાંજ રહેલું છે કે જે ભગવાન્ મહાવીરનો ખરો જન્મ દિવસ છે તેની તો કોઇ ખબર લેતું નથી અને જે દિવસે વ્યાખ્યાન વાંચતાં વાંચતાં જન્મ પ્રસંગનું વર્ણન આવે છે તે દિવસે આટલી બધી ધમાલ થઇ પડે છે. ચૈત્ર શુદિ ૧૩ ભગવાન્ મહાવીરનો જન્મદિવસ છે. આ દિવસ જાણે કે કેટલાક ધર્મસુધારકોને શુષ્ક ભાષણો કરવાને માટે જ નિર્માયલો હોય એમ જૈન સમાજનો મોટો વર્ગ તેની ઉપેક્ષા કરી કાઢે છે. વસ્તુતઃ આ દિવસ કેમ સારામાં સારી રીતે ઉજવાય અને તેમાં આબાળ વૃદ્ધ નરનારીઓ કેમ પૂરો ભાગ લે તેનો બરોબર વિચાર કરી યોજના કરવાની જરૂર છે. આસન્ન ઉપકારી ભગવાન્ મહાવીરના મંગળમય જન્મદિવસની જરા પણ ઉપેક્ષા જૈન નામધારી સજ્જન સન્નારીને ન ઘટે. ઉપરની ટીકા ઉપરથી એમ સમજવાનું કારણ નથી કે પર્યુષણમાંથી ઉત્સવોનો સર્વથા બહિષ્કાર કરવો એવો મારો આશય છે; પણ હું એ જણાવવા માગું છું કે વર્તમાન કાળે પર્યુષણ પર્વમાં જે ઉત્સવો ઉજવાય છે તે કોઇ પ્રકારે સંગત લાગતા નથી અને તેથી તેનો ત્યાગ કરીને જૈન ધર્મ તેમજ પર્યુષણની ભાવનાને સંગત ઉત્સવોની યોજનાઓનો વિચાર કરવો ઘટે છે.

જો કે પ્રસ્તુત વિષય સાથે ખાસ સંબંધ નથી તોપણ પર્યુષણના સંબંધમાં એક બે બીજી સૂચના પણ અહીં કરી લઉં. કલ્પસૂત્રદ્વારા ભગવાન્ મહાવીરનું જન્મ ચરિત્ર સાંભળવાનો રીવાજ ખરેખર પ્રશસ્ય છે. જેના તાંતણે આપણે સૌ બંધાયલા છીએ તે મૂળતંતુ મહાપુરૂષની જીવન વિભૂતિઓ પ્રતિવર્ષ આપણી સમક્ષ રજુ કરવામાં આવે તે સર્વ પ્રકારે ઉચિત અને આવશ્યક છે, પણ આ બાબતમાં માત્ર કલ્પસૂત્રને શામાટે વળગી રહેવું? બીજા પણ અનેક શિષ્ટ આચાર્યોએ ભગવાન્ મહાવીરના જીવનપટને પોતાની કલમથી ગુંથ્યું છે. હેમચંદ્રાચાર્યે પણ સુંદર મહાવીરચરિત્ર લખ્યું છે. તો કહેવાનો આશય એ છે કે મહાવીરચરિત્રનો જુદા જુદા ગ્રંથોદ્વારા ઉપદેશ કરવામાં આવે તો વ્યાખ્યાતા તેમજ શ્રોતા ઉભયને બહુજ આનંદ આવે, એકનું એક સાંભળવામાં રહેલો કંટાળાનો ખ્યાલ દૂર થાય અને સમયે સમયે નૂતનતા ધરતું મહાવીર ચરિત્ર સૌ કોઇને સવિશેષ આકર્ષક બને. વળી આખું મહાવીર ચરિત્ર માત્ર ચાર દિવસમાં ખલાસ કરવાનું હોય છે. આ પ્રણાલિકામાં ફેરફાર કરવાની જરૂર છે. આથી વ્યાખ્યાન આપનાર સાધુના શ્રમનો કોઇ વિચારજ કરતું નથી. એક બાજુએ તપ કરવાનો હોય અને બીજી બાજુએ હંમેશનાં બે બે વ્યાખ્યાન આપવાનાં હોય. આ અસાધારણ પરિશ્રમ કહેવાય. શ્રોતાજન ગમે તેટલા શ્રદ્ધાળુ હોય તો પણ કંટાળાના ચિહ્નો છુપાવી શકતા નથી. ચાલુ પ્રથામાં ફેરફાર કરીને શામાટે પહેલા દિવસથી મહાવીર ચરિત્ર નિરૂપણનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આરંભ ન કરવો ? ચાલુ પ્રથાના ઉપાસકોને આ નહિ ગમે ! વળી કોઇને પ્રશ્ન થાય કે મ્હાવીરનો જન્મ તો ભાદરવા શુદિ ૧ના દિવસે વંચાવો જોઇએ તેનું કેમ ? ભાદરવા શુદિ ૧ ની ભ્રાન્તિ ભાંગવી જોઇએ; વિશેષ લાભ સમજાય તો ચાલુ પ્રથામાં ફેરફાર કરવો જોઇએ. એક બીજી સૂચના એ કરવાની કે પર્યુષણ માટે શ્રેયઃસાધક અધિકારી વર્ગ જેવી અથવા તો થીઓસોફીના ભાષણ કર્તાઓ જેવી ભાષણ શ્રેણી થવાની–રચાવાની ખાસ જરૂર છે. જે શ્રદ્ધા, જે ઉત્સાહ, જે લાગણી જૈન ભાઇઓમાં પર્યુષણના પર્વોમાં પ્રગટે છે તેનો પૂરો લાભ લેવાવો જોઇએ. શિષ્ટ પુરૂષ રચિત મહાવીર ચરિત્ર વંચાય તે તો આદરણીય છે, પણ અત્યારના વિદ્વાન્ આચાર્યોની વિદ્વત્તાનો પણ ખરો લાભ પર્યુષણ દરમિયાન સમગ્ર શ્રાવકવર્ગને મળવો જોઇએ. આ ભાષણો તે–વખત આવ્યે ધ્યાનમાં આવ્યું તે બોલી ગયા–તેવા થવા ન જોઇએ, પણ તે ભાષણો ખુબ મહેનતથી તૈયાર થવા જોઇએ, તેની પાછળ ઉંડો અભ્યાસ, અવલોકન તથા મનન હોવાં જોઇએ. આવી ભાષણશ્રેણી ફતેહમંદ ત્યારેજ થાય કે જયારે ભાષણ આપનાર આચાર્યને તેની આખો વર્ષ ચિન્તા રહી હોય અને તૈયાર કરવામાં ખાસ મહેનત લેવાઇ હોય. આવી ભાષણશ્રેણી ધર્મનાં મુખ્ય સિદ્ધાન્તોને વિસ્તારથી ચર્ચી શકે, સ્વધર્મની અન્ય ધર્મો સાથે વિવેકભરી તુલના કરી શકે, કર્મ, આત્મા, પરભવ કે એવાજ કોઈ એક સિદ્ધાન્તનું સવિસ્તર વિવેચન કરી શકે, જૈનસમાજના બંધારણની સમાલોચના કરી શકે, અને આપણે કયાં છીએ અને કયાં જવું જોઇએ તેનો દિશાનિર્દેશ કરી શકે. આવાં ભાષણો તૈયાર કરવાનું કામ દરેક સાધુને માથે હોઈ નજ શકે, પણ મોટા સંઘાડાના (સમુદાયના) અધિપતિ હોય, વિદ્વાનની કોટિમાં ખપતા હોય અને જેને અનુયાયી વર્ગનો બહોળો સમૂહ હોય તેવા વિશિષ્ટ પદધારી સાધુઓનું આ સમયમાં આ અતિ આવશ્યક અને ઉપયોગી કર્તવ્ય મને લાગે છે. આશા છે કે આ સૂચના જે વર્ગને માટે કરવામાં આવી છે તે વર્ગ ધ્યાનમાં લઇ અમલ કરવા પ્રવૃત્તિ આદરશે.

પરમાનંદ.

# स्फुट नोंध अने चर्चा.

આ અંકમાં આવેલ પરમાનંદના લેખમાં તેણે કાર્તિક શુદિ ૧૫ ને ચૈત્ર શુદિ ૧૫ ને માટે શુદિ ૧૫ ઉપર ભાર મૂકી તે ઉજવવાનો જે પ્રકાર બતાવ્યો છે તેમાં સમજ ફેર જણાય છે. ચૈત્ર શુદિ ૧૫ ને આસો શુદિ ૧૫ એ દિવસો બે શાશ્વતી અઠ્ઠાઈની પૂર્ણાહૂતિના દિવસો છે, તેથી તે આરાધવા યોગ્ય છે. આસો શુદિ ૧૫ પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શરદ્પુનમ તરીકે જૈનોએ ઉજવવાની નથી. વળી કાર્તિક શુદિ ૧૫ એ અશાડ ચોમાસાની અઠ્ઠાઈનો પ્રાંત દિવસ છે. તેથી આરાધનીય છે; તેમજ કાર્તિક શુદિ ૧૫ ને ચૈત્ર શુદિ ૧૫ મે સિદ્ધાચળ ઉપર કરોડો મુનિઓ સિદ્ધિપદ પામેલા હોવાથી તે દિવસ આરાધન કરવા યોગ્ય છે. સિદ્ધક્ષેત્રમાં તેનું મહત્વ વધારે છે. લેખકે બતાવેલા બે પ્રકારના પર્વો પૈકી જૈન પર્વો પ્રાયે પહેલા પ્રકારનાજ છે. પર્યુષણ પર્વમાં સ્વપ્ન અને ઘોડીયાપારણાને અંગે દ્રષ્ટિગોચર થતો આશીભાવ ત્યાજ્ય છે, એ તો શાસ્ત્રાધારે સ્વીકરણીય છે. એ પ્રચારનો પ્રારંભકાળ ચોકસ થઇ શકતો નથી. કલ્પસૂત્રની વિસ્તૃત ટીકાના વાંચનમાં એટલો વખત વ્યતીત થાય છે કે તેના વાંચનારા વિદ્વાન મહાત્માને કિંચિત્ પણ ઉપદેશનો કે પ્રભુના ચરિત્રનું અનુકરણ કરવાનું કહેવાનો અવસર મળી શકતો નથી એ ખરી વાત છે. લેખકના કેટલાક વિચાર બુદ્ધિપૂર્વક અને કેટલાક શાસ્ત્રાધારે ચર્ચવા યોગ્ય છે. આક્ષેપક શૈલીનો તેમાં ત્યાગ કરવા અમારી વિનંતિ છે. વિદ્વાન્ લેખકોને તેને માટે આભારી અભ્યર્થના છે. ચર્ચાઇને મુકરર થયેલી હકીકત એટલી દ્રઢ થાય છે કે પછી તેમાં સવાલ ઉત્પન્ન કરવાપણું રહેતું નથી. એ લેખ વાંચીને પોતાના વિચારમાં એકદમ ફેરફાર કરવાને બદલે તેની ઉપર વિદ્વાન્ મુનિ મહારાજા સમિપે ચર્ચા કરી નિર્ણય કર્યા પછી જો ફેરફાર કરવા યોગ્ય લાગે તોજ ફેરફાર કરવો એવી અમારી સૂચના છે.

* * * *

વિક્રમ સંવત તથા વીર સંવતની આ અંક સાથે પૂર્ણાહૂતિ થાય છે. વ્યાપારીઓ નવા ચોપડાઓ બંધાવી નવાં ખાતાંઓ દોરી નવા વર્ષના વ્યાપારની શરૂઆત કરશે. આ અસ્થિર અને ક્ષણિક સંસારમાં એક વર્ષ પૂરૂં જીવી નવીન વરસનો પ્રથમ દિવસ જોવા ભાગ્યશાળી થયા, તે માટે મુબારકબાદીનાં ઘણાં પત્રો લખાયાં હશે. બાળકોએ ફટાકડા ફોડીને તથા સ્ત્રીઓએ ગૃહો ઉજાળી તથા દીવાઓ કરી આ પર્વનો મહોત્સવ કર્યો હશે. વ્યાપારીએ નવા વરસનો મેળ દોરતાં જુના વરસનાં સરવૈયાં કાઢ્યાં હશે. વીર સંવત પ્રમાણે જૈનકોમનું નવું વર્ષ પણ એક સાથેજ શરૂ થતું હોવાથી વ્યાપારીઓની જેમ કોમના સ્ત્રી-પુરૂષ, બાળક બાળકીઓનાં શુભ વ્યાપારમાં સર્વદા તત્પર જૈન કોમે પણ પોતાનું સરવૈયું કાઢવું જ જોઇએ. ગત આખા વર્ષના કાર્યનો સરવાળો તે સરવૈયું છે. કોમની પ્રગતિના આખા વરસનો એકંદર સરવાળો જોતાં કોમનું સરવૈયું તપાસી શકાશે. આ આખા વર્ષમાં ચાલુ પ્રણાલીકાનુસાર સંઘો નીકળ્યા છે, અઠ્ઠાઇ મહોત્સવો થયા છે, સ્વામીવાત્સલ્ય થયા છે, તદુપરાંત મારવાડમાં જૈન શ્વેતાંબર કોન્ફરન્સનું બારમું અધિવેશન થયું છે, અને 'દેવ-દ્રવ્ય'ની ચર્ચાએ ગંભીર સ્વરૂપ લઇ આખી કોમનું તે એકજ બાબતમાં લક્ષ્ય ખેંચી રાખ્યું છે. આ સિવાય ચાલુ જમાનામાં કેળવણીમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેટલા આગળ વધ્યા, ઉદ્યોગ હુન્નરમાં શું પ્રગતિ થઈ, જૈન બાળકોની શારિરીક સ્થિતિ સુધરે તેવા શું પ્રયત્ન થયા, જૈન કોમમાં વધતું જતું મરણ પ્રમાણ અટકાવવા તથા જૈન કોમની ઘટતી જતી સંખ્યામાં વધારો કરવા શા શા પ્રયત્ન થયા વિગેરે સમયને ઉપયોગી કયા કયા કાર્યો કરવામાં આવ્યા તેનું સરવૈયું મૂકવા જૈન કોમ ભાગ્યશાળી થઇ હોય તેવું દેખાયું નથી. આ ખરેખર ખેદની વાત છે. દેવ-દ્રવ્યનો વિષય ચર્ચાવાની જરૂર છે, પણ જે ગંભીર સ્વરૂપ તેણે પકડ્યું છે, તથા કોઇ કોઇ સ્થળેથી જે આક્ષેપક અંગિત હુમલાઓ અમુક વ્યક્તિઓ તરફથી કરવામાં આવેલા છે અને અત્યંત અસભ્ય ભાષાઓ લેખમાં વપરાણી છે તેવી તે સવાલને અંગે જરાપણ જરૂર હોય તેમ અમને લાગતું નથી. કોમના અગ્રગણ્ય સાધુ મુનિરાજોના લેખોદ્વારા ચર્ચાતા વિષયને આક્ષેપક અને દ્વેષાગ્નિમાં ઘસડી જવાય, અને તેમાં પણ અમુક મુનિમહારાજ અગર આગેવાનોનો હાથ હોય તો તે કોમની અધમ દશા સૂચવે છે. જૈન કોમ પ્રતિવર્ષ આવાં વરસો કરતાં વધારે સારાં પ્રગતિ સૂચક સરવૈયાં મેળવવા ભાગ્યશાળી થાઓ તેવી શુભાશીષ સાથે અમો અમારા વાંચક બંધુઓને નવીન વર્ષના પ્રવેશ માટે મુબારકબાદી આપીએ છીએ અને દેવ, ગુરૂ, ધર્મમાં વિશેષ શ્રદ્ધાળુ થવા, ન્યાય-નીતિમાં વર્તવા તથા જેમ બને તેમ વિશેષ કોમની અને દેશની સેવા કરવા ઉદ્યુક્ત અને વિશેષ ઉત્સાહુવંત થવા તેમને વિનંતિ કરીએ છીએ. પરમાત્મા નવીન વર્ષમાં સર્વને સન્મતિ આપો.

* * * * *

કાર્ત્તિક શુદિ ૧૫ નજીક આવતી જાય છે. ચોમાસાની પૂર્ણાહૂતિનો આ દિવસ છે. શ્રી સિદ્ધક્ષેત્રમાં યાત્રાળુઓના મોટા મેળાનો આ સમય છે. ચાર માસ સુધી બંધ રહેતી યાત્રાની કાર્ત્તિક માસમાં શરૂઆત થાય છે, તેથી કુદરતી રીતેજ યાત્રાળુઓ આકર્ષાઇ મોટા પ્રમાણમાં દર્શનનો લાભ લેવા આવે તે સ્વાભાવિક છે. યાત્રાળુને વિશેષ સગવડ થાય-સ્ટેશનોએ હેરાનગતિ ભોગવવી ન પડે તે માટે પ્રથમથીજ યોગ્ય પગલાં લઇ સ્ટેશનો ઉપર વધારે માણસોની સગવડ કરવા અમારી શેઠ. આણંદજી કલ્યાણજીના વહીવટ કર્ત્તા પ્રતિનિધિઓને વિનંતિ છે. આ વરસે સાધુ-સાધ્વીઓનું પ્રમાણ પાલીતાણામાં વિશેષ હોવાથી, ચોમાસું કરનારાની સંખ્યા સારી હોવાથી, વળી ઉદાર ગૃહસ્થ શેઠ પોપટલાલ ધારશીભાઇ તરફથી ઉપધાન વહેવરાવવામાં આવે છે તેમાં સારી સંખ્યાનો પ્રવેશ થયેલ હોવાથી અત્યારથીજ પાલીતાણામાં ધર્મશાળામાં જગ્યાનો બહુ સંકોચ છે. તો જે ગૃહસ્થોએ ઉદારતાથી ત્યાં ધર્મશાળાઓ કરાવી છે તેમને અમારી નમ્ર વિનંતિ છે કે જે જે ભાગો તેઓની ધર્મશાળાનાં ખુલ્લાં હોય તે ભાગો ગમે તે યાત્રાળુઓને વિના સંકોચે તરતજ મળે તેવો તાકીદે બંદોબસ્ત તેઓ કરશે. પાલીતાણા સ્ટેઇટ તરફથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વયંસેવકો રાખી કાંઈ આવી જાતનો પ્રયત્ન થતો અમારા સાંભળવામાં આવેલ છે, પણ તેમાં તેઓનો શું આશય હશે તે સમજી શકાય તેમ નથી. સ્ટેટ તરફથી આવી કાંઇપણ હીલચાલ થાય અને તે બાબતમાં દબાણ થાય તે પહેલાંજ ઉદાર ગૃહસ્થોએ ચેતી પોતપોતાની ધર્મશાળાના મુનિમો ઉપર યાત્રાળુઓને સગવડ કરી આપવાના હુકમો લખી મોકલવા તે વિશેષ ડહાપણવાળું તથા આદરણીય છે. જકાતની હેરાનગતિ પણ ઉભીજ છે, તો તે બાબતમાં પાલીતાણાના મે. ઠાકોર સાહેબને વિનંતિ કરી અમુક દિવસો માટે તે હેરાનગતિ અટકે તેવો પ્રયત્ન થવાની જરૂર છે. યાત્રાળુઓને સગવડ કરી આપવી તે ફરજ અને પુન્યનું કામ છે. આ સર્વ બાબતમાં તે તે વિષયોને લગતા આગેવાનો યોગ્ય ફરજ બજાવશે એવી અમે આશા રાખીએ છીએ.

* * * * *

મુનિરાજ શ્રી રામવિજયજી મહારાજના સદુપદેશથી અમદાવાદમાં ચાની હોટેલો બંધ થવાની હકીકત ગતાંકમાં અમે આપેલી છે. ચાનો અને ચાના હોટલોનો બહિષ્કાર કરવાના ઠરાવો ત્યારપછી ઘણા ગામોમાં થયાના સમાચાર મળ્યા કરે છે. ચા દેવીનો બહિષ્કાર કરી તે દેવીને જળશરણ કરવા કેટલેક સ્થળે તો વરઘોડા કાઢવામાં આવ્યા છે. ચાનો જે અતિઘણો પ્રચાર અને ગામડે ગામડે પ્રવેશ થઇ ગયો હતો તેની સત્તા મોળી પડી છે, અને ઘણે સ્થળેથી તો તેનો સદંતર બહિષ્કાર થયો છે. શુભ કાર્યની ચાલતી શુભ શ્રેણી–પરંપરા કેવી લંબાય છે અને સમસ્ત દેશને અને દેશવાસી લોકોને તે કેવાં ઉત્તમ ફળ આપનાર થાય છે તેનો આ પ્રત્યક્ષ દાખલો છે. અમદાવાદ જેવા સ્થળમાં નાકે નાકે, પોળે-પોળે અને સ્થળે સ્થળે જેનું નામ ગવાઇ રહ્યું છે એવા તે મુનિ રામવિજયજીના પ્રયાસથી દશેરાને દિવસે થતો બોકડાઓનો વધ પણ બંધ થયો છે. અમુક દિવસ અગાઉથી તે માટે તે મુનિરાજે જાહેર ભાષણો આપવા માંડ્યા હતા, અને જો વધ બંધ કરવામાં નહિ આવે તો હડતાળ પાડવાની સૂચના કરવામાં આવી હતી. ભદ્રકાળીનો પૂજારી સમજ્યો જ નહિ, હડતાલ પડી, અમદાવાદના કલેકટર વચ્ચે પડ્યા, અને શેઠ.જમનાભાઈ, મંગળદાસ વિગેરેના પ્રયાસ તથા ઉદારતાથી લગભગ આઠસો વર્ષથી થતો વધ બંધ કરવામાં આવ્યો છે, અને તે માટે લાવવામાં આવેલા બોકડાઓને ધામધુમ સાથે પાંજરાપોળે મૂકવામાં આવ્યા છે. કલેકટરને તે માટે ઉદાર ગૃહસ્થોએ રૂા. દશ હજારની રકમ આપી છે કે જેનું વ્યાજ તે બ્રાહ્મણોને ભોજન નિમિત્તે આપવામાં આવશે. પાછળથી ખબર મળ્યા છે કે પૂજારીએ વધ બંધ કરવાની કબુલાત કાયમ રાખી તે રકમ લેવાની ના પાડી છે અને તે રકમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાંજરાપોળમાં આપી દેવામાં આવી છે. મુસલમાનના મોલવીઓએ પણ આ બાબતમાં બહુ સારી મદદ કર્યાનું અમે સાંભળ્યું છે. મુનિરાજ શ્રી રામવિજયજીની અમદાવાદની આ ચોમાસાની પ્રવૃત્તિ ખાસ પ્રશંસવા લાયક અને અનુકરણ કરવા લાયક છે. તે વિદ્વાન મુનિરાજના શુભ પ્રયાસથી જે હીલચાલો અમદાવાદમાં, અને તેને લીધે અન્ય સ્થળોમાં ચાલી રહી છે તે સર્વ કોઇને બહુ આનંદ કરાવે તેવી છે. જાહેર હિતની આવી અમલમાં મૂકાય તેવી પ્રવૃત્તિ સદા સર્વદા પ્રશંસનીય અને સન્માનનીય હોય છે.

* * *

અત્રેથી આસો શુદિ ૧૪ ને દિવસે આચાર્ય શ્રી આનંદસાગરજી મહારાજ વિગેરે મુનિવર્ગને આવતા વરસના શેષ કાળની વાંચના ભાવનગરમાં રાખવાની વિનંતિ કરવા સંઘના આગેવાન ગૃહસ્થો પાલીતાણે ગયા હતા. તેઓ પાલીતાણે ગયા તે પહેલાં રતલામના ગૃહસ્થો તરફથી બહુ આગ્રહથી વિનંતિ કરવામાં આવી હતી, અને તે સ્વીકારાવાની તૈયારી જ હતી; પણ અત્રેના ગૃહસ્થોના અત્યાગ્રહ પૂર્વકના આમંત્રણથી ફક્ત એક માસ માટે જ અત્રે વાંચના રાખવાની વિનંતિ સ્વીકારવામાં આવી છે. એટલે માગશર શુદિ ૧૦ થી પોસ શુદિ ૧૫ સુધીની વાંચના અત્રે રાખવામાં આવશે. વાંચનાનો પ્રસંગ ખાસ જોવા લાયક છે. ગુણગ્રાહી બંધુઓને ખાસ અનુમોદન લાયક તે પ્રસંગ છે. ભાવનગર પાલીતાણાની નજીક હોવાથી આ તરફ આવનારા બંધુઓને યાત્રાનો અને વાંચનાનો બે લાભ મળે તેમ છે, તેથી માગશર માસમાં વાંચના પ્રસંગે અહીં પધારવા અને વાંચનાનો લ્હાવો લેવા અમારી સર્વને નમ્ર વિનંતિ છે.

* * *

મહાત્મા ગાંધીજીના શુભ પ્રયાસથી આખા હિંદુસ્થાનનું રાજકીય વાતાવરણ હાલમાં ફેરવાઇ ગયું છે, અને અસહકારની નીતિના પડઘા સર્વત્ર સંભળાવા લાગ્યા છે. આ અસહકાર યોગ્ય છે કે અયોગ્ય છે ? હિંદુસ્તાનને તેનાથી ફાયદો થશે કે નહિ ? હાલમાં હિંદુસ્તાનમાં આવા સવાલોની જરૂર છે કે નહિ ? તે બધી બાબતો અમારા વિચારક્ષેત્રની બહારના હોવાથી અમો તેની કાંઇ પણ ચર્ચા કરવા ઈચ્છતા નથી, પણ જ્યારે આખો દેશ આવા પરિવર્તન કાળમાંથી પસાર થાય છે, આખો દેશ જ્યારે આવા સવાલોની ચર્ચામાં હળમળી રહ્યો છે, ત્યારે જૈન કોમે પોતાની વૃદ્ધિ માટે, સ્વધર્મી બંધુઓના ઉદય માટે કાંઇ પણ કર્યા વગર શાંતિથી બેસી રહેવું તે શું વ્યાજબી ગણાશે ? ઘણા હાનિકારક રિવાજો દૂર કરવાના છે, નિરાશ્રીતોને આશ્રય મળે તે માટે હુન્નર ઉદ્યોગની વૃદ્ધિ થાય તેવા પ્રયત્નો કરવાના છે, જીવ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દયાનો ઝુંડો સમસ્ત દેશમાં ફેલાઈ જાય તે માટે સતત્ પ્રયાસ કરવાનો છે, દેશાસરો તથા પ્રાચીન મૂર્ત્તિઓ સાચવવા માટે પ્રયત્ન કરવાના છે, કોમના બાળકોમાં વિશેષ કેળવણીનો પ્રચાર થાય તથા કોમના બાળકોની ધાર્મિક ને વ્યવહારિક પ્રગતિ થાય તે માટે ઉદ્યમ કરવાના છે, જ્ઞાતિ બંધુઓ વિશેષ ઉદયવંત થઇ પ્રકાશી નીકળે તે માટે વિચારો કરવાના છે, તેવા સમયમાં એક જાણે કે 'દેવ–દ્રવ્ય' ની ચર્ચા ઉપરજ જૈન કોમનું અસ્તિત્વ અવલંબી રહ્યું હોય તેવી રીતે તે સવાલને ચર્ચી અન્ય સવાલો તરફ દુર્લક્ષ રાખવામાં આવે છે તે ખરેખર શોચનીય છે. વિદ્વાન્ અગ્રેસરોએ તથા મુનિરાજોએ જૈન કોમના ઉદય માટે ઘણા સવાલો વિચારવાની જરૂર છે. સમય તેની સૂચના કરે છે, દેશમાં ચાલતો પવન તે માટે પ્રેરણા કરે છે, તો પછી વિદ્વાને પરિહરી સાચે માર્ગે વિશેષ પ્રયત્ન આદરવો તેમાંજ સાચી સેવા અને ધર્મનો ઉદય છે. જૈન બંધુઓ તથા વિદ્વાન્ મુનિરાજો ! જાગો ! ચેતો ! અને યોગ્ય ઉદ્યમ કરી જૈન ધ્વજા વિશેષ પ્રસરે તે માટે પ્રયત્ન કરવાનો આરંભ કરો તેવી અમારી આપ સર્વને નમ્ર વિનંતિ છે.

* * * * *

તા. ૭-૧૧–૨૦ ના 'જૈન' માં મુનિરાજશ્રી વિદ્યાવિજયજી તરફથી આ માસિકના ગતાંકમાં આવેલ 'સ્ફુટનોંધ અને ચર્ચા ઉપર એક લેખ લખ્યો છે. આ લેખજ ચર્ચા માટે આવતો હોવાથી તેની ઉપર આવતી ચર્ચા ઉપર ચર્ચા કરવાની પ્રાયશઃ પ્રવૃત્તિ નથી, અને તેમ કરવાનો અમારો રિવાજ પણ નથી. પણ તે લેખની અંદર "મહાવીર વિદ્યાલય 'ના રીપોર્ટના અંગે તેના ટાઇટલ પેજ ઉપર છાપવામાં આવેલા રા. પરમાનંદના લેખ ઉપર જે આક્ષેપક ટીકા કરવામાં આવી છે તે બાબત ધ્યાન ખેંચવા લાયક છે. અમારા સાંભળવા પ્રમાણે જ્યારે તે લેખ તે સ્થળે છાપવાનો હતો ત્યારે તેજ મુનિરાજને તથા ન્યાયતીર્થ શ્રી ન્યાયવિજયજીને બતાવવામાં આવ્યો હતો, અને તે બંનેની સંમતિ પછીજ તે છાપવામાં આવ્યો હતો. જો આ હકીકત સત્ય હોય તો તે મુનિરાજને સંમતિ આપ્યા પછી આવી રીતે લખવાની શા માટે જરૂર પડી તેની અમને ખબર પડતી નથી. વળી 'લેખ એક બાજુ ખેંચી જઇને તેનો અર્થ કરવાનો નથી.' એવું અમે લખ્યું છે તે વાત પણ વિદ્વાન્ મુનિએ જાણતાં કે અજાણતાં ધ્યાનમાં લીધી નથી. પરંતુ એ આખો લેખ અમે દેવદ્રવ્ય સંબંધી તેમના વિચારને મળતા થયા નહીં તેનું પરિણામજ હોય તેમ જણાય છે. એટલે અમારી બધી હકીકત ભલે સોના જેવી હોય તોપણ તેમને હવે પીતળ જેવી લાગવા માંડી છે. ઇત્યલમ્.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન અને મહદ્ જૈન.[1]

જૈન કોને કહેવાય? જે તીર્થંકરપ્રણીત આગમોમાં શ્રદ્ધા હોવાનો દાવો કરતો હોય, જેનો જૈનકુળમાં જન્મ થયો હોય, અને જે મંદિર ઉપાશ્રયમાં જવાનો વિગેરે શ્રાવકોચિત સામાન્ય આચાર પાળતો હોય તેને સામાન્યતઃ જૈન તરીકે ઓળખવામાં આવે છે. જે રીતે જૈન તેમજ જૈન ધર્મને આપણે અત્યારે સમજીએ છીએ તે રીતે આ લક્ષણ પણ યોગ્ય છે. પણ આ કાળ આદર્શ તેમજ ભાવનાઓના વિનિમયનો છે, તેથી ઘણી વખત એવું જોવામાં આવે છે કે જેવી રીતે કહેવાતો બ્રાહ્મણ વ્યાપારમાં જોડાવાથી બ્રાહ્મણ મટી જાય છે, કહેવાતો વૈશ્ય લક્ષ્મીની આરાધના છોડીને સરસ્વતી દેવીનો ઉપાસક બની જતાં વૈશ્ય મટી જાય છે, તેમજ કહેવાતો જૈન ઘણી વખત જૈનેતર ભાવનાઓનો ગ્રાહક બનતાં જૈન મટી જાય છે અને તેવીજ રીતે જે મનુષ્ય સંકેત અનુસાર જૈન લેખાતો ન હોય તેનામાં જૈન ભાવનાઓ ઓતપ્રોત થતાં જૈન બની જાય છે. આવા જૈનને હું મહદ્ જૈન[2] તરીકે ઓળખવા માગું છું.

ભગવાન્ મહાવીરે જૈન ધર્મનો પુનરૂદ્ધાર કર્યો એટલે કે જૈનના જે વિશિષ્ટ આદર્શો ગણાય તે સમાજજીવનમાં લુપ્ત થતા જતા હતા તેની સમાજશરીરમાં પુનઃ પ્રતિષ્ઠા કરી. આ આદર્શો શું? અહિંસા, સત્ય અને સંન્યાસ. જેનો ભગવાન્ મહાવીરે ઉપદેશ કર્યો તેજ આત્મજીવનમાં તેમણે જીવી બતાવ્યું. તેમના જીવનની સમીક્ષા કરીએ તો ઉક્ત ત્રણ આદર્શો સવિશેષ પ્રત્યક્ષ થાય છે. યજ્ઞયાગાદિકમાં તેમજ અન્નવ્યવહારમાં હિંસાનું પ્રાબલ્ય હતું; ભગવાન મહાવીરે હિંસાનો હ્રાસ કીધો; અહિંસા ધર્મનો પ્રચાર કીધો. લોકોમાં વહેમનું સામ્રાજ્ય હતું, તેઓના વિચારસ્વાતંત્ર્યને વેદોની બેડીથી જકડી લેવામાં આવ્યું હતું, પથ્થર એટલા દેવ પૂજાતા હતા, બ્રાહ્મણવર્ગ સલાહકારક મટી સત્તાલોભી બની ગયેલ હતો. આ સામે

---

૧ મહાવીર જૈન વિદ્યાલય મુંબઇના રીપોર્ટના પુંઠા ઉપર આવેલા આ લેખ સંબંધી હાલમાં ચર્ચા ચાલતી હોવાથી તે અહીં પ્રગટ કરવામાં આવ્યો છે.

૨ મહદ્ જૈન શબ્દ મોટા જૈનના અર્થમાં વાપરેલ નથી પણ જૈનેતર વર્ગમાં જૈન ભાવનાવાળાઓને તે સંજ્ઞા આપવામાં આવી છે. તંત્રી.

For Private And Personal Use Only